સૌભાગ્ય સિંધુ

— અને —

સૂતિકા શિક્ષણ

પ્રયોજક

ડા. પાવરાકર.

પ્રકાશક

શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર

પાયધુની, મુંબઈ ૩.

પ્રત ૧૦૦૦. આવૃતી પહેલી. સં. ૧૯૮૫.

મુદ્રણસ્થાન: [illegible] પ્રેસ [illegible]

મુદ્રક— [illegible] મોહનલાલ [illegible]

સૌભાગ્યસિંધુ

અને

સૂતિકા શિક્ષણ.

પ્રસ્તાવના.

વર્તમાન કાળમાં સુધારો પૂરપાટ પોતાનું સામ્રાજ્ય જમાવી રહ્યો છે. ધર્મ, આચાર વિચાર, વિવેક અને પૂણ્ય પાપ એતો જાણે કેવળ કલ્પનાનાં ઉભાં કરેલાં સ્વરૂપો હોય તેમ આજના સગવડીયા ધર્મના ઉપાસકો માની બેઠા છે, અને તેવાઓનો ઘણો મોટો ભાગ પૂર્વાચાર્યોનો કહેલો, વૃદ્ધોએ પાળેલો અને વડિલોએ વખાણેલો આચાર પાળવા તરફ દુર્લ[illegible] કરવા તૈયાર થયો છે, આ નાસ્તીક્તાનો ચેપ શુદ્ધાચાર પ્રતિપાલક તરીકે પંકાએલ જૈન કોમમાં પણ પેસી જઈ સડો ન ફેલાવે તે જોવુંજ જોઈએ. અને તેટલાજ માટે આપણા પવિત્ર મુનિરાજો અને સાધ્વીજીઓ ગૃહસ્થોના આચાર વિચારોની શુદ્ધિઅર્થે પૂર્વાચાર્યોએ પ્રરૂપેલ અમૂલ્ય શિક્ષણ સિદ્ધાંતો તેઓને સમજાવ્યા કરે છે.

ધર્મ બે પ્રકારે છે. ગૃહસ્થધર્મ અને સાધુધર્મ. આમાં ગૃહસ્થ ધર્મ દરેક જૈન કેમ પાળી શકે. તથા કયા કયા પ્રકારે કેવું જીવન ઉચ્ચ

અને શુદ્ધ ગણાય તે અર્થે પૂર્વાચાર્યોએ વિશાળ શાહિત્ય પ્રકટાવેલ છે. સંસાર સુખ–તેના પ્રકાર દાંપત્ય જીવન પતિપત્નિનો સહવાસ–સમાગમ–ૠતુધર્મ ગર્ભિણી સ્ત્રીઓના ધર્મ–પ્રસુતિ વિચાર–જન્મસંસ્કાર શિશુ સંગોપન વિચાર–યુવાનોના ધર્મ–પુત્રધર્મ–પતિધર્મ–પિતૃધર્મ–પુત્રીધર્મ–પત્નિધર્મ–માતૃધર્મ અને તે ઉપરાંત જૈન તરીકેના–નાગરીક તરીકેના–રાષ્ટ્રનેતા તરીકેના એમ તમામ પ્રકારના માનવધર્મ અર્થે પુર્વાચાર્યોએ દીવાની જ્યોત જેવાં કર્તવ્યસિદ્ધાંતો તૈયાર કરી આપણને વારસામાં આપ્યાં છે. અને સાચા તંદુરસ્ત સાચા બલવાન–ઉચ્ચ ગૃહસ્થાશ્રમ ભોગવતા સુખી જૈનો શિવાય જૈનધર્મની પ્રગતિ અશક્યજ થાય. આદર્શ શ્રાવક કુટુંબોમાંથી ભવિષ્યના યશોવિજયજી કે હેમસૂરિઓ પ્રકટાવવા રહ્યાને ? શ્રેણિક કુમારપાળ ભામાશા કે વસ્તુવિમળ કાંઇ ઓછાજ આકાશમાંથી પડવાના છે ? અને તે માટે સૌથી પહેલા આદર્શ જૈન ગૃહો અને આદર્શ જૈનો પ્રકટાવવા રહ્યા. અને આવા આદર્શ કુટુંબોમાં આદર્શ દંપતીઓ પ્રકટે. કે જેઓ ધર્મ અર્થ કામ અને મોક્ષ પાપ્ર કરવા માટે પૂર્ણ ધર્મિષ્ઠ અને કર્તવ્યપરાયણ, શુદ્ધાચારપરિપુર્ણ, પવિત્ર પ્રેમમય જીવન ગાળે. અને આવા વિરલ દંપતીઓના સંસારમાંથી ભવિષ્યના મહાન્ ઉદ્ધારકો, શાશનશુભટો, આચાર્યો અને ધર્મનાધોરીઓ પ્રકટશે. જો કોઈ દોઢડાહ્યાઓ એમ કહેતા હોય કે ગૃહસ્થધર્મને નામે મોઢું આંમળા જેવડુ મીડુ મુકો અને સાધુ સંસ્થા–સાધુ ધર્મ અને સાધુ જીવનને એકલાનેજ પોષો તો શું તે વીરપ્રભુના આદેશને ઉલ્લંઘન કર્તા ન ગણી શકાય ? ચતુર્વિધ સંઘ એટલે ? સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા ! તિર્થંકર ભગવાન પણ જેને નમસ્કાર કરી પર્ષદામાં બિરાજે તે શ્રી સંઘના અર્ધા અંગ પ્રતિ દુર્લક્ષ કરવાનો ઉપદેશ આપનાર પૂર્વાચાર્યોના સમયમાં ઉદ્ભવ્યા હો

તો તો સંઘ બહાર શિવાય અન્ય શિક્ષા તેઓને ભાગ્યેજ મળત. અર્થાત શ્રાવકધર્મપ્રતિ સામાજીક ગૃહસ્થાશ્રમની કે શ્રાવકાશ્રમની દષ્ટિએ જૈનોના આચારવિચારની શુદ્ધિઅર્થે અને તેને ઉન્નત–સંસ્કારી પવિત્ર–સમૃદ્ધ–બળવાન બનાવવા અર્થે જેમ પુર્વાચાર્યોએ શાસ્ત્રો અને સિદ્ધાંતો રચ્યાં તેમ વર્તમાન ઉપદેશક આચાર્યો અને મુનિપુંગવોએ પણ તેના ઉપદેશમાં સ્વેચ્છાચાર ત્યાગી–લક્ષ્ય આપવું ઘટે છે. અસ્તુ.

બાલીકા મટી મુગ્ધાવસ્થામાં આવતાં તેને રજોદર્શન આવે છે. આ પ્રસંગે તેના શરીરમાંથી અસુચિ નીકળ્યાં કરે છે. અને તે અશુચી વાળી સ્થિતિમાં સારાં માંગલીક ધાર્મિક અને પવિત્ર કાર્યો કરવાં તેને માટે નિષેધ કરેલો છે. અને તે પ્રમાણે દીર્ઘકાળથી વર્તન ચાલ્યું આવે છે. પણ વર્તમાન કાળમાં સુધારાએ પુર્વકાળથી ચાલી આવતી સારી આદરણીય બાબતોને હંબગ ઠરાવી તે પ્રતિ દુર્લક્ષ્ય કરવાથી પરિણામે માનવજાત કેટલું કષ્ટ ભોગવે તેનો ખ્યાલ આપવા આ પ્રયત્ન છે.

પાપનાં ઘણાં કારણોમાં આશાતના છે. આશાતનાનું મુખ્ય કારણ અહિંયાં અશુચિ છે. અને દ્રવ્ય તથા ભાવ અશુચિ એ બે જાતની અશુચિઓ ત્યાગવા યોગ્ય છે; ભાવ અશુચિ કાર્યરૂપ અને દ્રવ્ય અશુચિ કારણરૂપ છે. કારણથી કાર્ય થાય છે. ભાવઅશુચિ તે અશુદ્ધ લેશ્યા, અશુદ્ધ મનાદિકના યોગ અને કષાયાદિકની વર્તના અશુદ્ધ લેશ્યાનાં પુદ્દગલો મરણ પામેલાં પશુઓનાં સડીગયેલાં દુર્ગંધમારતા હાડમાંસનાં પુદ્દગલોથી અનંતઘણાં દુર્ગંધવાળાં હોય છે એમ શ્રી ઉતરાધ્યયન તથા શ્રી ભગવતીજીમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. અને અશુ-

ચિથી અશુદ્ધ લેશ્યાદિ બંધાય તેથી બ્યાસી પ્રકારે પાપપ્રકૃતિ બંધાય છે. અને આ ભાવ અશુચિની મુલોત્પત્તિ દ્રવ્ય અશુચિજ જાણવી.

દ્રવ્ય અશુચિ અનેક પ્રકારે હોય છે તેમાં મોટામાં મોટી આશાતના કરનાર અને સર્વ પાપબંધોના કારણભુતમાં મોટી અશુચિ સ્ત્રીઓને પ્રાપ્ત થતી રૂતુ દર્શનની સ્થિતિમાં હોય છે અને આજ માટે રૂતુવંતી સ્ત્રીને કયાં કાર્યો ત્યાજય છે અને ત્યાજય છતાં તે કરે તો તંદુરસ્તીને અને ધાર્મિક દ્રષ્ટિએ શું હાનીકારક થઇ પડે તે શાસ્ત્રોક્ત રીતે બતાવવું એ આ પુસ્તક લખવાનો આશય છે અને તે સૌને સમજાય તેવી રીતે લખવા પ્રયત્ન કર્યો છે.

પુષ્પકાળપરિચય--રૂતુકાળ-તેનાં લક્ષણ-આર્તવકાળ-ગર્ભાધના વિચાર શુદ્ધિ પ્રયોગો ઉપરાંત આ ગ્રંથમાં ૧૨૦ વર્ષ પુર્વે લખેલી રૂતુવંતી સ્ત્રીના આચારની સજ્ઝાય, સૂતિકા શિક્ષણ-રજસ્વલા અધિકાર અને શિલ પાળવાના ૩૧ બોલ વિગેરે આપ્યાં છે. અને તે બહુપ્રકારે સરળતાથી ભાઇઓ અને બહેનો વાંચી સમજી શકે તેવાં છે. અમને આશા છે સમજુ દંપતીઓ કે તેનો યથાયોગ્ય આદર કરશે. અને ઉપસંહારમાં પુનઃ પૂજ્ય સાધુ સાધ્વી વર્ગને જૈન સમાજ, જૈન સંસાર અને જૈન ગૃહસ્થાશ્રમને વધુ પવિત્ર ઉન્નતિવાળોઆને પ્રગતીશીલ કરાવવામાં સહાયભુત એવો ધર્મ અને સિદ્ધાંતોના પ્રમાણવાળો સદ્ઉપદેશ આપવા પ્રતિ લક્ષ રાખવા નમ્ર વિનંતી કરૂં છું.

પ્રયોજક.

સૌભાગ્યવતી.

પુષ્પકાળ પરિચય.

(Ovulation Period)

રૂતુકાળ–આર્તવકાળ–ગર્ભાધાન.

સ્ત્રીઓમાં રૂતુકાલ–માસિક રક્તપ્રવાહ બંધ થયા પછીના દિવસોમાં મનાય છે. આ સમયમાં ગર્ભાશય (ગર્ભમંદિર) માં લોહી (Ovum) યા રજ આવે છે. રજકોષ, અંડોત્પાદક કોષફાટવાથી લોહી (જેમાં રજ હોય છે) ની સાથે ડીંબવાહી વા અંડવાહી નળીમાં થઇને ગર્ભાશયમાં જાય છે. કોઈ વાર રજ અંડોત્પાદક કોષમાં પણ રહી જાય છે. કોઇવાર શુક્રપર્યંત પહોંચી લોહીસાથે મિશ્ર થઈજવાથી ગર્ભ અંડાશયમાંયે (Ovarion Pregnancy) ઉત્પન્ન થઈ જાય છે. રૂતુકાળ આવતાં અંડોત્પાદક કોષમાં પાણી ઉત્પન્ન થાય છે. તેની દિવાલ એક સ્થાનમાં ગળી ગળી પાતળી પડી જાય છે, અને તેના ફાટવાના સમયે લોહી નીકળે છે. એક કોષમાંથી એક યા અધિક રજકોષ નીકળે છે. યુરોપવાસીઓ માસિક ધર્મ પછી રજ (Ovum) ગર્ભાશયમાં પહોંચે તે વખતને રૂતુ માને છે. માસિક

ધર્મ પશ્ચાત્ સમ યા વિશમ દિવસોના સમાગમ ઉપર પુત્ર યા પુત્રીની ઉત્પત્તિનો આધાર છે છતાંયે રૂતુમતી સ્ત્રીનુ પ્રસુતસ્થાન ગર્ભાશય અને લોહી વિશુદ્ધ હોવાં જોઇએ.

રજ અંડોત્પાદક કોપમાંથી નીકળી જલોત્પાદક આશયમાં પ્રથમ આવે છે. આ આશયને ઉપરનો આંતરભાગ છે કે જેમાં યકૃત પીત્ત પ્લીહા આમાશય, મુત્રાશય, ગર્ભાશય અંડાશય યા ડિમ્બાશય (Ovary) અંડવાહી નળી અને મળાશય હોય છે, ને તેને ઉદરકલા કોપ યા જલોત્પાદક આશય (Periloneal Cauity) પણ કહેવામાં આવે છે. ને તેમાંજ નીળ ભરાઈ જવાથી જલોદય થયું કહેવાય છે.

(Ovary) અંડાધારમાંથી નીકળતાંજ રજકોપ અથવા કોષિય જળ યા શોણિત ઉદરમાં જાય છે. ત્યાંથી વહેતું વહેતું અંડ વા હિની નળીના પંઝાકાર કોપનાં કાણામાં પહોંચે છે. આ કોપની કળામાં રોમવાળો કોષ (Ciliated Cells) હોય છે. તેની અંદરની બાજુએ હાલવાથી ઉદરની અંદર અને ગર્ભાશયની બન્ને બાજુ તરફ એક જાતની ધાર (Current) થાય છે. આથીજ રજકોપ પણ ડીંબ-નાળીકા-(નાડી) ના ઉપર મુખમાં વહી જાય છે. ગર્ભાશયમાં રજકોપ પહોંચતાં પુરૂપ વિર્ય કીટ સાથે મળવાથી ગર્ભ તૈયાર થાય છે. આને ગર્ભ યા અનુજ્જિવિત રજકોપ પણ કહેવામાં આવે છે.

અંડોત્પાદક કોપનો બાકીનો ભાગ અંડાધારનો પિતાંગ (Corpus Luteum) થાય છે. ગર્ભવતીમાં તે વધતો જાય છે. અને ગર્ભ ન રહેલી સ્ત્રીઓમાં તે સફેદ અને ન્હાનો થતો જાય છે. કોઇ કોઇ વાર ગર્ભ ન રહેવાથી પ્રાયઃ રજ નષ્ટ થઈ જાય છે અને પાછુ નીકળે છે.

રૂતુમતી સ્ત્રીઓનાં લક્ષણ–આર્તવ કાલ.

યૂરપ અમેરિકાવાળા આ વિષયમાં હજી મૌન છે. પણ આપણા પ્રાચીન ગ્રંથો પરથી જણાય છે કે સારૂ સંતાન પ્રાપ્ત કરવા માટેજ તે સમયમાં (પૂર્વ કાળમાં) સ્ત્રી પુરૂષ રૂતુકાળમાંજ એકત્ર થતાં. વિર્યનાશ એ તેઓ મહાન્ ગુનાહ ગણતા અને તેથીજ રૂતુકાળનાં લક્ષણ જાણવાની જરૂરીઆત પડતી હતી. રૂતુવંતી સ્ત્રી તેજ કહેવાય કે જેનામાં તંદુરસ્તી ઉપરાંત નીચેનાં લક્ષણો જણાય. પ્રસન્ન જણાવું શ્રેણિ અને સ્તનમાં સ્ફુર્તિ, પતિસહવાસની વાંચ્છા, અને બીજાં અંગોમાં સ્ફુર્તિ.

રૂતુકાલ.

(**Menses**)

નિયમીત પણે દરમહિને પ્રસૂત સ્થાનમાંથી લોહીનું વહેવું થાય છે તેને માસિક અડચણ કહેવામાં આવે છે. લોહીને આર્તવ યા પુષ્પ પણ કહેવાય છે તેવી આર્તવ પ્રાપ્ત સ્ત્રીને રજસ્વલા કહેવામાં આવે છે આ રક્તવહન સામાન્ય રીતે ૧૨ વર્ષની ઉમરથી ૫૦ વર્ષની ઉમર સુધી સ્ત્રીઓમાં દર મહીને એક વાર થાય છે, કોઇ વાર રોગના કારણે વધારે ઓછા પ્રમાણમાં આવે છે, જે ત્રણ કે ચાર દિવસે બંધ થાય છે. વૃદ્ધા સ્ત્રીઓમા પ્રાય ૫૦ વર્ષ પછી બીલકુલ બંધ થાય છે. ગર્ભાવસ્થામાં યાતો રોગી દશામાં બંધ યા નષ્ટ થઇ જાય છે, માસિક ધર્મ અને રૂતુકાળ વચ્ચે ધાડો સંબંધ છે, માસિક ધર્મ બંધ થવા પછીના ૧૨ દિવસો સુધીનો કાળ રૂતુકાળને અનુકુળ બતાવ્યો છે, આ કાળમાં તંદુરસ્ત સ્ત્રી રૂતુવંતી થાય છે અર્થાત ગર્ભ ધારણ યોગ્ય

થાય છે. યુરોપના પ્રસિદ્ધ ડૉ, ફ્રેન્કેલ (Fraenkel) નો પણ એ જ મત છે.

માસિક ધર્મ સમયે ગર્ભાશયની કળા વિકશે છે. નાડીઓમાં લોહી જોરશથી અને વધારે વહે છે, અને શ્લેષ્મિક ગ્રંથીઓ (Mucous Glands) વધતી જાય છે, સૂક્ષ્મ ધમનીઓ (capillaries) અને સૂક્ષ્મ નાડીઓમાંથી લોહી નીકળવાથી કળા અલગ થઇ જાય છે બલરામ વધવા માંડે છે. તથા લોહી અને બલરામ મળીને પ્રસૂતિ સ્થાનની બહાર નીકળવા માંડે છે, અને પુષ્પ યા આર્તવ (Menstrual blood) કહેવામાં આવે છે, તે શ્યામ અને વાસરહિત હોય છે, રજસ્વલા અને ૠતુસ્નાતા સ્ત્રી માટે આ ગ્રંથમાં તેના કર્તવ્યો પણ બતાવ્યાં છે.

ગર્ભ રહ્યા પછી કળા વૃદ્ધિ પામતી જાય છે, અને ગર્ભની થેલીની બહારની પરત બનાવે છે, તેને ગર્ભકલા (Decidua) કહેવામાં આવે છે, જે બાલકના જન્મ પછીથી જરાયુ સાથે સાથે ગર્ભાશયથી અલગ પડી નીકળી જાય છે.

ગર્ભાધાન (Ceneeptuin).

સ્ત્રી પુરૂષના સંસર્ગથી શુક્રપાત્ થાય છે જે ગર્ભાશયમાં પહોંચી લોહી યા રજ સાથે મળી એક નવો કોષ (Cell) બનાવે છે. જેને ગર્ભ યા અનુજીવિત રજકોષ—યા શુક્ર શોણિત કોષ પણ કહેવામાં આવે છે. આ શુક્ર શોણિતનો સંસર્ગ દરેક પ્રકારના જંતુઓમાં પણ ગર્ભ રહ્યા પહેલાં થાય છે. માત્ર યૂરોપઆદિ દેશોની માન્યતા પ્રમાણે જ નહિ આપણા દેશની અને આયુર્વેદની માન્યતા પ્રમાણે પણ

નાની ઉમરની યા વૃદ્ધા યા રોગી સ્ત્રીમાં ગર્ભધાન આરોગ્ય યા વન્ધ્યં બનાવેલ છે.

સાધારણ રીત ગર્ભાધાન માટે સ્ત્રી પુરૂષ ઉભયમાં સારૂ બળ એકતા અને ઉલ્લાસની જરૂર છે. તેમનાં શુક્ર (Lemen) લોહી અને ગર્ભાશયની (Onum & mteaus) શુદ્ધિ (HeclltuyState) અને રૂતુકાળ ખાસ જરૂરી છે. કન્યાઓમાં આર્તવયા પુષ્પદર્શન ૧૨ થી ૧૬ વર્ષની ઉપર સુધી થવા લાગે છે. કવચિત્ પાંચ વર્ષની છોક-રીમાં રજસ્વલા સ્ત્રી (Pulerty) નાં સર્વ લક્ષણ દેખાય છે. આયુર્વેદ સ્ત્રી પુરૂષ અને તેમનાં સંતાનના હિતાર્થે સંસર્ગ કામ ૧૬ અને ૨૫ વર્ષની ઉમરનો બતાવે છે. સમાજદોષના કારણે હાલમાં સ્ત્રી પુરૂષમાં પુષ્પદર્શન અને શુક્રોત્પત્તિ કાંઇક વહેલાં જણાય છે. છતાં પણ આ દેશના હિન્દુ જાતિના સુશિક્ષીત સમાજે તો નિયમીત કાલ પર્યંત બ્રહ્મચર્ય પતિપાલન કરવાથી સ્ત્રી પુરૂષ યા બાલકને હાનીનો સંભવ રહેશે નહિં. રોગી યા ખરાબ વિર્યથી સંતાનોપ્રત્તિ થતી નથી યા દૂષિત થાય છે. માટે જ ખાસ કરીને શુદ્ધવિર્ય અને યોગ્ય અને સમયસર આર્તવ-પક્વ અને શુદ્ધ રક્ત જરૂરી સમજવું આ માટે થોડીક સમજુત આપી છે:—

શુદ્ધ વિર્ય-(Heallty sewinal flui d)—સાફ કાચ જેવું મધુર ચોક્કસ વાસવાળુ (જેમ મૃગમાં કસ્તુરી જેવું) ચીકણું અને ઘટ્ટ.

દૂષિત વિર્યઃ અન્ય રંગવાળુ-જેવું કે અરૂણ (લાલ) પીળુ યા કફ જેવું અને મુરદાં-જાજરૂ-પેશાબની ગંધવાળું.

દૂષિત આર્તવઃ (તેજ પ્રમાણે દૂષિત આર્તવ) પીળા–લાલ કફના રંગવાળુ જે દર્દથી જાણી વા સમજી શકાય.

શુદ્ધ આર્તવઃ જેમાં રંગેલું વસ્ત્ર ધોવાથી સફેદ થઈ જાય. એમાં લાખના રંગ જેવું. જેનો કોઈ ખાસ વર્ણ ન હોય. દુર્ગંધ રહિત.

આ અશુદ્ધ આર્તવની શુદ્ધિ માટેઃ મૂત્રના રંગ અને વાસવાળુ સુધરી નહીં સકે. (અસાધ્ય છે) જાજરૂની વાસ જેવું હોય તેમાં– વમન (Emekies) વિરેશન (Purgatine) હિંગસેવ્યાદિઘૃત.

ગર્ભાધાન વિચાર

અને

રજસ્વલા કર્તવ્ય.

હિન્દનાં લગભગ તમામ ધર્મશાસ્ત્રોએ બતાવેલ રજસ્વલા કર્તવ્ય ધર્મ અમો અહિં જુદા જુદા મંતવ્યોપરથી તારવી ટુંકમાં બતાવીશું.

શરીરે તંદુરસ્ત, શુદ્ધ રક્તવાળી, પતિસહવાસની, ધર્મભાવનાવાળી, અને સારા સશક્ત સુંદર પુત્રની કામનાવાળી રજસ્વલા સ્ત્રીએ ૠતુવંતીના ધર્મનું યથાયોગ્ય પ્રતિપાલન કરવુંજ જોઇએ. કોઈનો પણ સ્પર્શ ત્યાગવો જોઇએ. મંગલ કાર્યમાં ભાગ ન લેવો. પ્રવાસ ન કરવો. ધર્મ શ્રવણ, અધ્યાયન, દેવપૂજન, લેખન ત્યાગવાં જોઈએ. પતિ સમાગમ, શરીરે શ્રૃંગાર ધારણ કરવા, હાસ્યવિનોદ, કેશસુધારવા, રસોઈ કરવી વા પીરસવી, નાટકાદિ જોવાં, દેવમંદિર જવું, આદિ કાર્યો કદાપી કરવાં નહિં. ધાતુપાત્રમાં જમવું નહિં. બને તો પુરૂષમાત્રનું મુખ ન જોવું. આમ તેમ ફરવું નહિં.

આવી રીતે ત્રણ દિવસ પુરા—વ્યતિત કર્યા પછી ચોથે દિવસે શુદ્ધિકારક વસ્તુઓ વડે સ્નાન કરી શુદ્ધ થવું. ઘરમાં ગૌમુત્ર છાંટવું. છાણમાટીથી તે ભાગને લીંપી સ્વચ્છ વસ્ત્ર આભુષણ પહેરી, સારા પુત્રની ઇચ્છાવાળી સ્ત્રીએ સૌથી પહેલાં પોતાના પતિનું મુખ જોવું. ભવિષ્યમાં થનાર બાલકની મુખમુદ્રાપર આ દર્શનનીજ મુખ્ય અસર પડે છે. ફોટો ખેંચવાના કેમેરા પાછળ એક નવી પ્લેટ લગાવવામાં આવે છે. અને પછી તે ખોલતાંજ જે વસ્તુ સૌથી પ્રથમ સામે હોય તેની સુરત (છબી) તેમાં પડી જાય છે, એટલાજ માટે સારૂ સંતાન પ્રાપ્ત કરવા માટે સૌથી પહેલાં પોતાના પતિનાંજ દર્શન કરવાં જોઇએ.

આ પ્રસંગે મનમાં શોક ભય ચંચળતા કપટ વૈર ઝેર રાખવાં નહિં. કેવળ આનંદ પ્રફુલ્લતા સરળતા અને ઉદાર મન તથા વિશાળ દૃષ્ટિ રાખવાં. માથે સારાં શુદ્ધ થંડક આપનાર કેશવર્ધક તૈલો નાંખવા. કપાળમાં કુંકુમ (સૌભાગ્ય) તિલક કરવું. પતિને પસંદ એવાં વસ્ત્રાભૂષણ ધારણ કરવાં વસ્ત્રોમાં ગુલાબી યા સફેદ રંગનાં પહેરવાં ઠીક છે.

સ્ત્રીએ હમશાં તેલનું મર્દન કરાવવું, અડદની દાળની બનાવટનો ખોરાક ખાસ વધારે પ્રમાણમાં ખાવો. પ્રસન્ન રહેવું. પતિ સહવાસ મેળવવા પ્રયત્નવાન થવું. દુર ન રહેવું. પતિએ પોતાના શરિરે ઘી મર્દન કરાવવું. દુધ ભાત વિગેરે ખાવાં. રક્ત અને રજની પુષ્ટિ આગ્નેય વા ગરમ પદાર્થોથી થાય છે. અને વિર્યની પુષ્ટી સૌમ્ય (સાદા) પદાર્થોથી થાય છે. તે પછી પુત્રની કામનાવાળા પતિપત્નિએ

નીતિ અને શાંતિપુર્વક પોતાનું ગૃહજીવન વ્યતીત કરવું. અને મર્યાદિત સમાગમ સેવવો.

આ સમયે સ્ત્રી પુરૂષે પોતાનાં મન-સંતુષ્ઠ શાંત અને આનંદમાં રાખવાં કારણ કે સ્ત્રી પુરૂષ પોતાના મનમાં જેવી ઇચ્છા રાખે વા ચિન્તનકરે એવાંજ સંતાન, પ્રાપ્ત થાય છે. તે પોતાની ઇચ્છાનુકુળ રૂપવાળા, ચારિત્રવાળા, આદર્શવાળા, બળવાળા, માનવનું ધ્યાન કરે. પોતાને અભિષ્ટ એવા વીરો, દેવતાઓનું પણ ધ્યાન કરી શકાય.

સ્ત્રી પુરૂષ બંનેએ પોતાનું મન પવિત્ર રાખવું. અને પોતાના વિચારો અને મનના વેગને સારા માર્ગે વાળવા જોઇએ. મનની શક્તિમાં (Will Power) તો વિશ્વાસ રાખવોજ પડે છે. તો પણ પોતાનાં કર્મો પર પણ ધ્યાન રાખવું ઇષ્ટ છે. ને તેનાજ પર આત્મા યા સ્વભાવનો પ્રભાવ પડે છે. જો કર્મ અને મનની શક્તિ વધુ તાકાદવાળી પ્રબળ હોય તો કોઇવાર જીવના મંદભાગ્યને યાતો સંચિત કર્મોને બદલી નાંખી શકે છે. અને આની ખાત્રી, બીજાં આવાં જીવનવૃતાંતો વાંચતાં જરૂર થશે. અર્થાત સ્ત્રી પુરૂષનાં તન અને મનની શુદ્ધિ અતિ આદરણીય છે.

બાલકનાં શરીરના વર્ણનના સંબંધમાં, આયુર્વેદમાં તેજ યાતો અગ્નિધાતુને તેનું મુખ્ય કારણ માન્યું છે. રક્તનું તત્વ યા રજને અગ્નિધાતુ માનેલ છે. ગર્ભોત્પત્તિ પ્રસંગે તેમાં જલતત્વ વિશેષ પ્રમાણમાં હોય છે તો બાળક ગૌરવર્ણ થાય છે. પૃથ્વિતત્વ વિશેષ હોય તો બાળક શ્યામ થાય છે. જો તે પૃથ્વિ અને આકાશના વિભાગથી અધિક વ્યાપ્ત હોય તો કૃષ્ણ શ્યામ થાય છે (કાળો જોટલે કાળા વાદળ

જેવો) જળ અને આકાશતત્વમાં વધુ અંશમાં તેજ ધાતુથી ગૌરશ્યામ (ઘઉંવર્ણો) ગર્ભ થાય છે.

સ્ત્રીના ખાનપાન પર પણ ગર્ભનો રંગ આધાર રાખે છે. શુદ્ર લોકોમાં પણ સારા ખાનપાનવાળાઓનાં બાળકોનો રંગ ઘઉંવર્ણો યા ક્વચિત ગૌર હોય છે, વળી એ પણ યાદ રાખવું અતિ જરૂરી છે કે ખાવાપીવાની ચીજોમાં પંચતત્વ યા પંચ મહાભુતો (પૃથ્વી જળ તેજ વાયુ આકાશ)ની કમીજાસ્તી પણું જરૂરી છે. પાતળી ચીજોમાં (દૂધ—પાણી વિગેરે) માટી યા ગરમીનો ભાગ ઓછો હોય છે. તેવીજ રીતે બીજી વસ્તુઓમાં પણ સમજવું.

સ્ત્રી પુરૂષના ગરમી યા બીજા રક્તજ દોષો પણ ગર્ભને ઘણી હાની પહોંચાડે છે. તેમજ કુટુંબની અસલી ખાનદાની—રીતરિવાજો પણ તેનાપર સારી યા માઠી છાપ પાડે છે. મોટાપણું, પાતળાપણું, મોટાઈ, શોખ, તબીયત, મિજાજ, પણ અસલી ખાનદાનીના હીસાબે ઉતરે છેજ. યુરોપ અમેરિકાવાળાઓ એમ પણ માને છે કે ધંધાહુન્નરના પ્રમાણમાં હમારા શરીરોનાં અવયવ બંધાય છે તે બધતાં ઘટતાં જાય છે અને તેથીજ ત્યાં તેમનાં સંતાનોનાં શરીર પણ જન્મથીજ તે તે કાર્ય માટે વધુ યોગ્ય માનવામાં આવે છે. સારાંશ ધંધા હુન્નર યા ખાનદાનીની છાપ પણ ગર્ભપર પડે છે. આયુર્વેદના મંતવ્ય પ્રમાણે માતાના (લોહી) પિતાના (વિર્ય) આત્મા (જીવ) સાત્મ્ય (હિત—**Certieles Useful to heallh** તંદુરસ્તીને ઉપયોગિ વસ્તુઓ) રસ (ખોરાકનું મુલતત્વ) તથા સત્વ સાથે મિશ્રીત બની ગર્ભ બને છે. માટેજ ગર્ભ આ સર્વના ગુણો યા લક્ષણોના સમુદાય જેવો છે. ને તેવુંજ સંતાન ઉપજે છે.

જીવસંબંધી થોડુંક: જીવ પુરૂષના શુક્ર (વિર્ય) (**चैतन्य.....पुं शुक्रे च व्यवस्थितः**) માર્ફતે ગર્ભાશયમાં પહોંચે છે. શુક્રમાં ખાવા પીવાના રસદ્વારા પહોંચે છે. જીવને ક્ષેત્રજ્ઞ યા પુરૂષ પણ કહેવાય છે. જીવ, કર્માનુસાર જેવી યોનિમાં (શુક્ર શોણિતના જથામાં) જાય છે તેવો થાય છે. તેમાં કાંઈ લીંગભેદ (Sex) નથી. એ એટલો સૂક્ષ્મ છે કે માત્ર અનુમાનથીજ સમજી શકાય. ગર્ભનો આત્મા—અંતરાત્મા છે. જે જીવ કહેવાય છે. (**आत्मजश्च गर्भात्माहि आन्तरात्मा ...जीव...**)

માટેજ જેવાં આચાર વિચારવાળા માતા પિતા તેવાંજ સંતાન પ્રકટે છે. સૌ ભવિષ્યનાં માતાપિતા પ્રજોત્પત્તિની સર્વ જોખમદારીઓ સમજી તે પ્રમાણે વર્તે તો ડાહ્યાપણભર્યું ગણાય.

સૌભાગ્ય સિંધુ

અને

સૂતિકા શિક્ષણ.

ઋતુવંતી નારીઓ પરિહરેરે, બીજે વસ્ત્ર ન અડકે;
સાંજે રાત્રે નારી મત ફરોરે, મત બેસજો તડકે. 1

ઋતુદર્શન વાળી અથવા જે બાઇને દૂર બેસવાનું પ્રાપ્ત થયું હોય તેણે નીચેની બાબતોનો ત્યાગ કરવોઃ—

પોતે પહેરેલા વસ્ત્ર સિવાય બીજા વસ્ત્રનો સ્પર્શ કરવો નહિ. સંધ્યાકાળે અને રાત્રિએ ફરવા જવું નહિ અને દિવસે તડકે બેસવું નહિ.

મત ભાલવી નાર માલનીરે, છાંડવાં ધર્મ ઠામ;
પ્રભુ દર્શન પુજા સદ્‌ગુરૂરે, વાંદવાં તજો નામ. 2

માલણને ન જોવી, ધર્મ સ્થાનોમાં જવું આવવું નહિ, પ્રભુદર્શન, પ્રભુપુજા અને સદ્‌ગુરૂવંદન કરવાં નહિ.

પડિક્કમણું પોસહ સામાયીકરે, દેવવંદન માળા;
જલસંઘને રથ યાત્રારે, દર્શન દોષ ઠાલા. ૩

પ્રતિક્રમણ, પૌષધ, સામાયક, દેવવંદન આદિ ક્રિયાઓ કરવી નહિં, તેમજ જળયાત્રા તથા રથયાત્રાના વરઘોડાઓમાં ભાગ લેવો નહિં.

રાસ વખાણ ધર્મ કથારે, વૃત પચ્ચખાણ મેલો;
સ્તવન સજ્જાય રાસ ગહુલીરે, ધર્મશાસ્ત્ર મ ખેલો. ૪

જ્યાં રાસ વંચાતો હોય, વ્યાખ્યાન વંચાતું હોય, ધર્મકથા થતી હોય ત્યાં જવું નહિં, વૃત પચ્ચખાણ કરવાં નહિં, તેમજ સ્તવન સજ્જાય રાસ ગહુલી અને ધર્મશાસ્ત્ર પણ વાંચવાં નહિં.

લખાણું લખે નહિં હાથથીરે, ન કરે ધર્મ ચર્ચા;
ધૂપ દીવો ગોત્રઝારણુંરે, નહિં પૂજા ને અર્ચા. ૫

લેખન કાર્ય કરવું, ધર્મ ચર્ચા કરવી, ધૂપ દીવો ગોત્રઝારણાં તથા પૂજા અર્ચા આદિ કોઇપણ કાર્ય રૂતુવતી સ્ત્રીએ કરવાં નહિં.

સંઘ જીમણ પ્રભાવનારે, હાથે દેજો ને લેજો;
બલિદાન પૂજા પ્રતિષ્ટાનુંરે, મત રાંધીને દેજો. ૬

સંઘ જમણમાં, પ્રભાવનામાં જવું નહિં, તેમજ હાથે કાંઈ લેવું દેવું નહિં. પૂજા પ્રતિષ્ઠા તથા નિર્દોષ બલિદાનની રસોઈ રાંધવી યા તો તે સ્થાને જવું નહિં.

પૂર્વજ પાણી ન નામીએરે, દેવ દેવી હનુમાન;
ફલ ફૂલ તેલ સિંદૂર તજોરે, ધન ધન સુદાન. ૭

પૂર્વજોને પાણી ન પહોંચાડવાં, વટવૃક્ષને પાણી ન પાવું દેવ દેવી હનુમાન આદિને ફળ ફૂલ સિંદૂર ન ચઢાવવાં અને ધન ધાન્યનું દાન હાથે ન દેવું.

ભણવું ગણવું ન વંચાવવુંરે, ભોજન પાણી પાવું;
લગ્નવિવાહ સીમંતનાંરે, ગીતો ગાવા ન જાવું. ૮

ભણવું ગણવું વાંચવું, તેમજ ભોજન–પાણી પીરસવું નહિ. તેમજ લગ્ન કે શ્રીમંત ઉત્સવના સ્થાનમાં ગીત ગાવા ન જવું.

ધાન્ય સોજે નવિ ઝાટકેરે, રાંધણું તે કેમ રાંધે ?
દળવું ન ખાંડવું ભરડવુંરે, કર્મ કઠણ શું બાંધે. ૯

ધાન્ય સ્હોવુ તેમજ ઝાટકવું નહિ, તો રાંધવાની તો વાતજ શી ? તેમજ દળવું ખાંડવું ભરડવું આદિ કરવાં નહિ, કારણ તેથી કઠણ કર્મ બંધાય છે.

શાક લીલું નહિ મોલજોરે, ફળ ફૂલ ચુલચાક;
રાઇતાની રાઈ વાટે નહિરે, મૂલી ઔષધ પાક. ૧૦

લીલુ શાક સમારવું, ફળ ફુલ સુધારવાં, રાયતા માટે રાઇવાટવી, ઔષધ કે પાક બનાવવા તેમજ તે માટે મુળીઆં ઓસડીઆં ખાંડવાં આદિ કરવાં નહિ.

ખાંડ સાકર ગોળ દુધ દહિરે, ઘૃત તૈલ સુખડીઓ;
ખટ રસને મત ફરસજોરે, વળી ઘસાણું નડીઓ. ૧૧

ખાંડ સાકર ગોળ દુધ દહિ ઘી તેલ સુખડી આદિ તેમજ તીખુ ખાટુ ખારૂ ગળ્યુ કડવુંને કષાયલું આદિ ખટરસને અડવું નહિ, તેમજ તેનાં પકવાન્નોનો પણ સ્પર્શ કરવો નહિ.

પડિલાભે નહિ સાધુ સાધ્વીરે, વસ્ત્ર પાત્ર અનુપાન.
રાંક બ્રાહ્મણને હાથે આપે નહિંરે, દાણ લોટને દાન. ૧૨

સાધુ સાધ્વીને વહોરાવવું, વસ્ત્ર પાત્ર ઔષધ આદિ આપવાં તેમજ ગરીબ બ્રાહ્મણને અન્ન લોટ આદિનાં દાન પણ દેવાં નહિ.

ગાય ભેંશ ઢોર દોવાંને બાંધવાંરે, છાણ વાશીદુ હાથે.
છાશ વલોણું માખણ તજ્જોરે, અથાણું નવિ તે આથે. ૧૩

ગાય ભેંશ આદિ પશુઓને દોવાં કે બાંધવા નહિ છાણ વાશીદુ કરવાં નહિ, તેમજ છાશ વલોણું કે માખણ બનાવવાં તેમજ અથાણાં આદિ કરવાં નહિ.

જળ ભરવાને જાવે નહિંરે, છાંડ ગાર ને માટી.
ઠામ ઉટકતાં દોષ ઉપજેરે, વઢવાડ મેલો ઘાટી. ૧૪

પાણી ભરવા જવું, લીંપવા માટે છાણની ગાર માટી કરવાં. વાસણ માંજવાં તેમજ ગાઢ કલેશ કંકાશ આદિનો ત્યાગ કરવો.

ભરત ચિત્રામણ મત ભરોરે, રંગ રાગ મત કરજો
જોણું રોણું વગોણું સદારે, તમે જોવાને વરજો. ૧૫

ભરત ભરવા, ચિત્ર ચીતરવાં, આમોદ પ્રમોદ રંગ રાગ કરવાં, નાટકાદિ જોવાં, રોવું, નિંદા કુથલી કરવી તથા થાય ત્યાં ઉભા રહેવું એ સૌ ઋતુવતી સ્ત્રીને ત્યાગ કરવા યોગ્ય છે.

પાપડ વડી ને સીધાવડીરે, ભલી ખાંડ વાંખેરો
સેવ સુંવાલી ને ફાફડારે, વણતાં દોષ ઘણેરો. ૧૬

લગ્ન પ્રસંગની અથવા સામાન્ય પ્રકારે પાપડ વણવા વડી–સિધાવડી કરવી, ખાંડની વસ્તુઓ બનાવવી, સેવ સુંવાળી ફાફડા આદિ

અનાવવા આદિ ક્રિયાઓ ઋતુવંતીએ ન કરવી, કારણ ઋતુવતી સ્ત્રીઓ માટે તે કરવામાં ઘણો દોષ છે.

સાંધણ સુંધણ શિવણુંરે, મ કરો જોઈ વિચારી.
દોર ખાણ બાફવા મત મેલજોરે, રમત બાજી નિવારી. ૧૭

શીવવું સાંધવું બખીયા ટેભા મારવા એ વર્જ્ય જાણીને ન કરવો, ઢોર માટે ખાણ બાફવાં તથા ક્રિડાઓ ત્યાગવાં.

પરઘર જમવા ઉજમેરે, મત બેસજો પાંતે.
હાથે ભોજન પીરસે નહિરે, ન કરે ગોષ્ટિ એકાન્તે. ૧૮

ઉત્સવાદિ પ્રસંગે ઉમંગભેર જમવા જવું યાતો પંગતે બેસી જમવું નહિ, ભોજનાદિ સ્વ હસ્તે પીરસવાં નહિ તેમજ કોઇ સાથે એકાંતમાં વાર્તાલાપ કરવો નહિ.

દાતણ અંજન વિલેપનેરે, વસ્ત્રાભરણ સ્નાન.
દર્પણ ફુલ ભોજન રાતે રે, પાણી મેલજો પાન. ૧૯

દાતણ કરવું, અંજન વિલેપન વસ્ત્રાભરણ સજવાં સ્નાન કરવાં અરિસામાં જોવું, ફુલમાળા પહેરવી, તેમજ રાતના ભોજન પાણી વાપરવાં એ ત્યાજ્ય છે.

છડીઆલ દાલ તુમ મત કરો, મત બેસજો હિંડોળે.
ધાણી દાલીઆ મ શેકજોરે, મુખ મ ભરો તંબોલે. ૨૦

દાળ છડવાનું કામ ત્યાગવું, હિંચકે બેસવું નહિ. ધાણી ચણા ન શેકવા તેમજ તાંબુલ ભક્ષણ કરવું નહિ.

ખત પત્ર હુંડી ન વાંચવી રે, નામુ લેખુ ન સુને.
હસવું ન બોલવું દોડવું રે, પુષ્ટ આહાર ન ભુંજે. ૨૧

ખતપત્ર હુંડી વાંચવાં, નામું લખવું, હસીને બોલવું, દોડવું તેમજ અતિ પુષ્ટિકારક આહાર લેવો એ સૌ વર્જવાં.

ધાતુપાત્રે ભોજન તજોરે, માટી કાષ્ટ પાષાણ.
ભોયણ સોયણ તેટલાંરે, ખાટ પાટ મ જાણ. ૨૨

ધાતુપાત્રમાં ભોજન કરવું નહિ, પણ માટી કાષ્ટવા પાષાણ-પાત્રમાં જમવું, અને ખાટપાટની શય્યા ત્યાગી ભુમિપર સુવું.

બુંદકાવો તમે મત પીયોરે, મત દ્યો હાથ તાલી.
રાસ મંડળ મત ખેલજોરે, નારી હોય ધર્મ વાલી. ૨૩

રૂતુધર્મવાળી સ્ત્રીએ બુંદકાવો એટલે કોફી જેવાં માદક પીણાં પીવાં નહિ તેમજ પરસ્પર હાથતાળી દેવી નહિ. રાસ રમવા નહિ.

સાજન આવે મલો નહિ રે, લુંછણાં લીયો કેમ ?
નગ્ન બાલક ધવરાવીએરે, ઘરે મત ફરો તેમ. ૨૪.

સાજન આવે તેને મળવું ત્યાગવું તો તેનાં લુછણાં ઓવારણાં તો ન જ લેવાય ! બાળકને કપડાં કાઢી ધવરાવવું તેમજ ઘરમાં આમતેમ ઘૂમ્યા કરવું નહિ.

મત બેસજો માથુ ગુંથવારે, મત ઘાલજો તેલ.
નાવું ન ધોવું સિદુર સેંથોરે, મસ્તક ઓળવું મેલ. ૨૫

હે રૂતુવંતી સ્ત્રીઓ ! તમે માથુ ગુંથવાનું તથા તેલ માથામાં નાંખવું ત્યાગજો. વળી ન્હાવું ધોવું સેંથામાં સિંદૂર નાંખી-માથુ હોળવાનું ત્યાગજો.

રૂતુવંતી હાથે જળ ભરીરે. દેરાસરે જો આવે.
સમકીત બીજ પામે નહિંરે, ફળ નારકીનાં પાવે. ૨૬

રૂતુવંતી સ્ત્રી હાથે જળ લઈ જો દેરાસર જાય તો તેને સમકીત બીજ એટલે બોધીબીજની પ્રાપ્તિ ન થતાં ઉલટ નર્ક ગતિ પામે.

નવ ક્ષેત્રમાં રજ ખાળનીરે, નારી વશે અજાણે.
લુંડણ ભુંડણ ને સાવીણીરે, પાપીણી હોય પ્રાણે. ૨૭

જે નવ ક્ષેત્રો પવિત્ર કહ્યાં છે તેમાં અડચણવાળી સ્ત્રીથી રજ અજાણતાં પણ પડી જાય તો તેને લુંડી (દ.સી) ભુંડણી યાતો સર્પાણીનો ભવ મળે.

રૂતુવંતી યાત્રાએ ચાલતારે, મત બેસજો ગાડે
સંઘ તિર્થ ફરસ્યાં થકાં રે, પડશો પાતાળ ખાડે. ૨૮

યાત્રા જતાં અડચણ આવતાં તે સ્ત્રીએ ગાડાં ગાડીમાં બેસવું નહિ. કારણકે યાત્રામાં સંઘ યા તિર્થનો અજાણતાં પણ રજમાત્ર સ્પર્શ પાતાળના ઉંડા ખાડમાં નાંખી દેશે અને અશાતા વેદનીય કર્મો બંધાશે.

ચોવીશ પહોર એકાંતમાંરે, ચોથે દિન નાવું ધોવું.
પુરૂષ બીજો નવ પેંખવોરે, મુખ દર્પણમાં ન જોવું. ૨૯

રજસ્વલા સ્ત્રીએ ત્રણ દિવસ એકાંતમાં રહેવું અને ચોથે દિવસે ન્હાઈ શુદ્ધ થવું. પરપુરૂષ તરફ તેમજ દર્પણમાં જોવું નહિ.

મુત્ર છાંટે પાવન ગાયનુંરે, ઘરમાં સૌ ઠામે.
લીંપે ધૂપે દિન ચોથેરે, ભોજન રાંધવા પામે. ૩૦

ચોથે દિવસે બધા ઘરમાં ગૌમુત્ર છાંટવું તથા લીંપવું. આમ પવિત્ર કર્યા પછીજ તે સ્ત્રી રસોઈ કરી શકે.

દર્શનપૂજા દિન સાતમેરે, જીન ભક્તિ કરવી.
વ્રત પચ્ચખાણ વખાણ શુણેરે, પૂણ્ય પાલખી ભરવી. ૩૧

સાતમે દિવસે જીન મંદિરમાં દર્શનપૂજન અર્થે જઈ જીન ભક્તિ

ઋતુવંતી સ્ત્રી કરી શકે. વળી વ્રત પચ્ચખાણ વ્યાખ્યાન શ્રવણ આદિ પુણ્યકર્મો પણ કરી શકે.

સોળ શણગાર સજી ભલારે, આવે ભરતાર પાસે.
ગર્ભ અનુપમ ઉપજેરે, સંપૂર્ણ નવ માસે. ૩૨

આવી ચોથે દિવસે ન્હાઈ પવિત્ર બનેલી પ્રમદા સોળે શણગાર ધારણ કરી પતિ સેવામાં હાજર થાય તો તે ઉત્તમ ગર્ભ ધારણ કરી શકે અને નવ માસ પૂર્ણ થયે સુંદર સંતાન પામે.

દિન સોળમે ઋતુવંતીનોરે, ગર્ભ ઉપજવા કાલ.
ચોથે દિવસે ગર્ભ ઉપજતાંરે, અલ્પાયુષ લહે બાલ. ૩૩

ઋતુવતી સ્ત્રીને સોળમે દિવસે ગર્ભ ધારણ કાળ પ્રાપ્ત થાય છે, પણ જો તે ચોથે દિવસે થાય તો બાળક અલ્પાયુષી થાય.

ષટ આઠ દશ બાર ચૌદમેરે, સોળમે દિવસે ગાભ.
નંદન ઉપજે ગુણનિલોરે, રૂપ રંગ જશ લાભ. ૩૪

છ આઠ દશ બાર ચૌદ અને સોળમે દિવસે (અર્થાત બેકી દિવસે) જે ગર્ભ ધારણ થાય તે પુત્રરત્ન રૂપ ગુણ યશ અને લાભમાં અનુપમ થાય છે.

દોઈ જામ રાત્રે ભોગ તજોરે, વીર્ય ઉપજે બેટી.
દિવસનો ભોગ નિર્બલોરે, બલી રાતડી ભેટી. ૩૫

રાત્રીના પ્રથમ બે પ્રહર ભોગવિલાસ કરવો નહિ તેથી પુત્રી ઉત્પન્નથાય છે. વળી દિવસે ભોગ વિલાસના પરિણામે તો નિર્બળતાજ મળે માટે રાત્રીનોજ ભોગ ઉત્તમ કહ્યો છે.

બારથી માંડી પંચાવનેરે, વર્ષે જણે નારી.
નર ચોવીશ નારી સોળનીરે, સુત હોય સુખકારી. ૩૬

બારથી પંચાવન વર્ષની અંદર સ્ત્રી સંતાન યોગ્ય ગણાય છે અને તેમાં પણ ચોવીશ વર્ષનો પુરૂષ અને સોલ વર્ષની સ્ત્રીનાથી થયેલાં સંતાન સુખ પામે છે.

પુરૂષ વીર્ય બહુ બેટડોરે, બેટી રકતે વખાણું.
સમભાગે નપુંસક નિપજેરે, પ્રભુ વચને હું જાણું. ૩૭

પુરૂષનું વિર્ય પ્રબળ હોય તો દીકરો અને સ્ત્રીનું રક્ત વધુ હોય તો દીકરી ઉત્પન્ન થાય છે અને વિર્ય તથા રક્ત ઉભય સમાન હોય તો નપુંસક સંત્તાન થાય એમ પ્રભુ વચને જાણું છું.

મધ્યમ ગર્ભ હોય રેવતીમાંરે, જન્મે મૂલક મૂલ.
શ્રવણ પંચક દશ રોગથીરે, ગર્ભ ફુલ અનમૂલ. ૩૮

રેવતી નક્ષત્રનો ગર્ભ મધ્યમ, મૂલ નક્ષત્રમાં ઉત્તમ અને શ્રવણ પંચકમાં જન્મે તો દશ રોગવાળો—મૂલ વિનાનો ગર્ભ થાય છે.

ગર્ભ જન્મ અભીચી માંરે, પુત્ર થાય તો કર્માં.
હસ્ત સૂય યોગે જન્મ ભલોરે, સુત હોય સુધર્માં. ૩૯

અભિચીત નક્ષત્રમાં જન્મેલો બાલક આપકર્માં અને હસ્ત નક્ષત્ર સાથે સૂર્યયોગ થયે છતે જન્મેલો બાલક બહુ સારો અને ધર્મિષ્ટ થાય છે.

મંગલનો જન્મ અશ્લેષારે, બેટી બહુત રીસાલ.
પુનેમ મૂલ સૂર્યવારનોયે, ચેટડો ચોર છીનાલ. ૪૦

મંગલવારે અશ્લેષા નક્ષત્રમાં જન્મ થાય તો પુત્રી અને તે પણ અતિરીસાળ થાય. મૂળ નક્ષત્ર અને સૂર્યવાર તથા પુર્ણિમાના દિવસે પુત્ર જન્મે તો લુચ્ચો અને વ્યભિચારી થાય.

જેષ્ટાનુરાધા રોહિણી વિશાખારે, મૃગ અશ્વિની ભરણી
ગર્ભ પડે સુઆવડીરે, પુરૂષ મેલે કાં પરણી. ૪૧

જેષ્ટા અનુરાધા રોહિણી–વિશાખા–મૃગશીર અશ્વિની અને ભરણી નક્ષત્રમાં ગર્ભ રહે તો તે ગર્ભ કાંતો પડી જાય યાતો–તેનો પતિ તેને ત્યજી જાય.

ગર્ભ જન્મ પૂર્વા નક્ષત્રમાંરે, ઘણું બાલક ઢીલો.
વાદી પ્રમાદી ઉત્તરાતણોરે, વિદ્યાવંત છબીલો. ૪૨

પૂર્વા નક્ષત્રમાં જન્મેલો બાળક અશક્ત થાય અને ઉત્તરામાં જન્મેલો બાળક પ્રમાદી હોવા છતાં વાદવિવાદ કરવામાં કુશળ વિદ્વાન અને સુંદર થાય.

પંચ માસે નારીઓ ગર્ભણીરે, મેલે પુરૂષનો સંગ.
દોષ લાગેને બાલક ભાંગેરે, ભોગ રોગ પ્રસંગ. ૪૩

ગર્ભ રહ્યા પછી પાંચ માસે પુરૂષ સંગ ત્યાગ કરવો. નહિંતો અનેક રોગ થાય અને વખતે બાલકનો પણ નાશ થાય.

છઠે માસે બાલક આગરૂરે, સાતમે હોય કોડ
રાંક તોલે માસ આઠમેરે, નવમે જન્મતાં પોઢ. ૪૪

છઠે માસે જન્મેલ બાલક આગરૂ રોગવાળુ, સાતમે માસે જન્મેલ દરિદ્રી અને રોગી તથા નવમે માસે જન્મેલ પ્રૌઢ–મજબુત થાય.

પંચ બોલે ગર્ભ ઉપજતોરે, ભરતાર વિના સાચુ
પુરૂષ જોગે પન્નર ભેદ શુંરે, ગર્ભ થવાનું કાચુ. ૪૫

પતિ વિના પણ પાંચ ભેદે ગર્ભ રહેવાનું કહ્યું છે, અને પતિયોગ છતે પંદર ભેદે ગર્ભ નથી પણ રહેતો. આ બાબત ગુરૂગમથી વા શાસ્ત્રો અવલોકી જાણવી.

પડવે ને છઠ અગીઆરશેરે, જન્મ બાલક ભોલો
બીજ સાતમ ને બારશ તણોરે, જન્મ થાય તે ગોલો. ૪૬

પડવે છઠે ને એકાદશીએ જન્મેલ બાળક ભદ્રપરિણામી અને બીજ સાતેમ અને બારશે જન્મેલ બાળક ગોલો એટલે મુર્ખ યા શેલામાં કરનાર નીવડે.

વળી ત્રીજ આઠમને તેરશેરે, પુત્ર હોય સુભોગી
ચોથ ચૌદશ પુત્ર નવમીનોરે, કડવો ક્રોધી રોગી. ૪૭

વળી ત્રીજ આઠમને તેરશે જન્મેલ બાલક સૌભાગ્યવાળો અને ચતુર ભોગી થાય તથા ચોથ ચૌદશ અને નોમનો જન્મેલ બાલક કડવું બોલનાર, ક્રોધી અને રોગવાળો થાય.

પાંચમ દશમ ને પુનેમનોરે, જન્મ હોય ભાગ્યશાળી
જન્મ્યો અમાસે તોઉલટુંરે, મુર્ખ મોટો તે હાથી. ૪૮

પંચમી દશમી અને પુર્ણિમાએ જન્મ પામેલ બાળક ભાગ્યશાળી થાય તથા અમાસે જન્મેલ બાળક મુર્ખ થાય.

મીન લગ્ન મેષ વૃષનોરે, પુત્ર ધારજે ગલીઓ
લગ્ન મીથુન કર્ક સિંહનોરે, બુધ્ધિવાનને બલિઓ. ૪૯

મીન મેષ ને વૃષ રાશિમાં જન્મેલ બાળક ગલીઆ બળદ જેવો ઢીલો થાય છે અને મિથુન કર્ક અને સિંહ રાશીમાં જન્મેલ બાળક બુદ્ધિશાળી અને બળવાન થાય છે.

લગ્ન કન્યા તુલ વૃશ્ચિકનોરે, પુત્ર કુળ માંહે દીવો.
ધન મકર કુંભ લગ્નનોરે, ઘણું જશનામી જીવો. ૫૦

કન્યા–તુલા–વૃશ્ચિક લગ્ને જન્મેલ બાળક કુળને અજવાળનાર

થાય તેમજ ધન-મકર-કુંભ રાશીમાં જંન્મેલ બાળક ઘણો યશસ્વી તથા દીર્ઘાયુ હોય.

સુર્ય મંગલવારે જન્મીયોરે, બાલક રોગીયો તાપી
શની સોમ શુક્ર ટાઢો સદારે, બુધ ગુરૂ છે પ્રતાપી. ૫૧

રવિ અને મંગલવારે જન્મેલ બાળક રોગી અને ક્રોધી થાય તથા શની સોમ શુક્રવારે જન્મેલ શાંત થંડો થાય, બુધ ગુરૂવારે જન્મેલ બાળક આપકર્મી પ્રતાપી થાય છે.

પુત્ર ઉદાસી ઉદ્વેગમાંરે, લાભામૃત શુભ વેળા
રોગે રોગી ક્રોધી કાળમાંરે, ચલમાં ચોકસ ચાલા. ૫૨

ઉદ્વેગમાં જન્મેલ બાળક ઉદાસી થાય. લાભ અમૃતને શુભ ચોઘડીએ જન્મેલ બાળક તે સારો, રોગ ચોઘડીએ જન્મેલ રોગી અને કાળ ચોઘડીએ જન્મેલ ક્રોધી અને ચળમાં જન્મેલ ચાળા કરનાર કદાચ નટ) થાય.

રાંધ્યું ભોજન રૂતુવંતી તણુંરે, જાણે લાંડુ સવાદ.
ભોગ જોગ માહા મળેરે, રોગ શોગ પ્રમાદ. ૫૩

રૂતુવંતી સ્ત્રીએ રંધેલ ભોજન મીષ્ટ ગણી ખાનારને માહા ભોગ તથા યોગ મળે. તથા રોગ શોક અને પ્રમાદ પ્રાપ્ત થાય.

વેદ પુરાણ કુરાણમાંરે, શ્રી સિદ્ધાંતમાં ભાખ્યું;
રૂતુવંતી દોષ ઘણો કહ્યોરે, પંચાંગે પણ દાખ્યું. ૫૪

વેદ પુરાણ કુરાન જૈન સિદ્ધાંતમાં તેમજ પંચાંગોમા પણ રૂતુવંતી સાથેના વ્યહવારમાં અતિ ઘણો દોષ દર્શાવ્યો છે.

પહેલે દહાડે ચંડાલણી કહીરે, બ્રહ્મઘાતક બીજે
ધોબણ ત્રીજે ચોથે દિવસેરે, શુદ્ધ નારી વદીને. ૫૫

ૠતુવંતી સ્ત્રીને પહેલે દિવસે ચંડાલણી, બીજે દિવસે બ્રહ્મહત્યારી, ત્રીજે દિવસે ધોબણ તથા ચોથે દિવસે શુદ્ધા નારી કહી છે.

ડાકણ શાકણ કામણનારે, મંત્ર પાડશો ખોટા;
દેવનું સાધન અથ્થમશેરે, મત વાળજ્યો ગોટા. ૫૬

ૠતુવંતી સ્ત્રી સાથે વ્યહવાર રાખશો તો તમો મંત્ર તંત્રાદિક જાણતા વા સાધતા હશો તો તે ફોક થઈ જશે. તથા દેવનું સાધન કરતા હશો તો તે પણ એવા ગરબડ ગોટા વાળવાથી ફોક થશે તે ચોક્કસ માનજો.

ૠતુવંતીનું મુખ દેખતારે. એક આંબિલ દોષ;
વાતડી કરતાં રાગની રે. પાંચ આંબિલ પોષ. ૫૭

અડચણવાળી સ્ત્રીનું મુખ જોવાથી એક આંબીલનું અને તેની સાથે પ્રેમભરી વાતચીત કરતાં પાંચ આયંબીલનું પ્રાયશ્ચિત લાગે છે.

ૠતુવંતી આસને બેસતાંરે, સાત આંબિલ સાચાં;
છઠ બાર તાસ ભાણે જમ્યાંરે, નવગઢ હોય કાચા. ૫૮

તેને આસને બેસતાં સાત આંબિલનું તથા તેના ભાણામાં જમવાથી બારછઠનું પ્રાયશ્ચિત લાગે છે. ઉપરાંત શિયલના નવગઢ (નવવાડ) શિથીલ થાય.

ૠતુવંતી નારીને આભડયાંરે, છઠનું પાપ લાગે;
વસ્તુ દેતાં લેતાં અડમનોરે, કહો દોષ કેમ ભાગે? ૫૯

ૠતુવતી સ્ત્રીનો સ્પર્શ થતાં બે ઉપવાસનું અને વસ્તુની આપલે કરવાથી ત્રણ ઉપવાસનું પ્રાયશ્ચિત લાગે છે.

ખાધું ભોજન નારી હાથનું રે, ભવ લાખનું પાપ;
ભોગ જોગ નવ લાખનું રે, વીર બોલે જવાપ. ૬૦

આવી સ્ત્રીના હાથનું ભોજન ખાતાં લાખો ભવ પરિભ્રમણ કરવું પડે. અને તેની સાથે ભોગ કરવામાં આવે તો નવ લાખ ભવ સંસાર પરિભ્રમણ કરવું પડે છે.

સાધુ સાખ નારી ભોગથી રે, ભોજન પાપ અઘોર;
નરક નિગોદમાં ભવ અનંતા રે, કર્મ બાંધે કઠોર. ૬૧

સાધુ સાક્ષીએ જાણજો કે રૂતુવંતી સ્ત્રી સાથેની ભોગ તથા ભોજન વ્યવહારથી અઘોર પાપ બંધાય છે તેમજ કઠોર કર્મ બંધ કરવા સાથે નર્કનિ ગોદનાં અનંતાં દુખ તેને ભોગવવાં પડશેજ.

રૂતુવંતી ખાતાં ભોજન વધ્યું રે, ઢોરને લાવી નાંખે,
ભવ બાર ભુંડા કરવા પડે રે, ચંદ્ર શાસ્ત્રની શાખે. ૬૨

ચંદ્ર અને શાસ્ત્ર (એ પ્રકાશ હોવાથી સૂર્ય)ની શાક્ષીએ જાણજો કે રૂતુવંતી સ્ત્રીએ ખાતાં વધેલું અન્ન ઢોરને નાંખવામાં આવે તો તેને મહાનીચ એવા બાર ભવ ભમવા પડે છે.

રજસ્વલા વહાણે સમુદ્રમાંરે, બેસતાં વહાણ ડોલે.
ભાંગે કાં લાગે તોફાનમાં રે, માલ વાળે કાં બોલે. ૬૩

રજસ્વલા સ્ત્રી વહાણમાં બેસે તો સમુદ્રમાં તે વહાણ ડામાડોલ થઈ કાંતો ભાંગે કાંતો સખ્ત તોફાનમાં તે સપડાઈ માલ જળશરણ કરવો પડે યાતો વહાણ આખુ ડૂબી જાય,

લખ ભવ જાણ અજાણમાં રે, લધુ વડ ભવ આઠ;
ભવ લાખને બાણું ઘાતમાં રે, એમ શાસ્ત્રનો પાઠ. ૬૪

ઉપર કહ્યા તે દોષ અજાણતાં થાય તો નાના મોટા આઠ ભવ અને જાણી જોઈ કરે તો એક લાખ ને બાણું ઘાતો સહન કરવી પડે એમ શાસ્ત્રે પાઠ છે.

ધર્મ વાલી નારી નાઈ ધોઈ રે, સંગમ ભોજન ખાય;
પુત્ર રત્ન પાપ સંપદા રે, દેવ લોકમેં જાય. ૬૫

રતુવતી સ્ત્રી ચોથે દિવસે ન્હાઇ ધોઇ પવિત્ર થઇ, ઘરમાં ગૌમુત્ર તથા છાણથી પવિત્રતા પ્રવર્તાવી (ધર્મવતી બની) ભર્તાર સહવર્તમાન ભોજનાદિ વ્યહવાર કરે તો તેને રત્નસમાન પુત્ર પ્રાપ્ત થાય. બહુ સંપત્તિ–સૌભાગ્ય પામે અને આયુષ્ય પુર્ણ થયે દેવલોક પામે.

કમલા રાણી પ્રભુ વાદતાં રે, બાર લાખ ભવ કીધા;
માલણ ફુલ અટકાવમારે, લખ ભવ ફલ લીધાં. ૬૬

(જૈન કથા રત્ન કોષ) કમલા રાણીએ રજસ્વલા હતાં ત્યારે પ્રભુ વંદન કર્યું હતું તેથી તેમણે બાર લાખ ભવ પર્યંત ભવ ભ્રમણ કર્યું હતું, તથા એક માલણે રજસ્વલા છતાં ફુલ વેચવાથી લાખ ભવ પરિભ્રમણ. કર્યું છે.

ઢુંઢ ભણે ફુટુ ગુમડુ રે, ધર્મો ધર્મ વિરોધ,
શાસ્ત્ર વિના મતે માચતારે, લહે નરક નિગોદ. ૬૭

ઢુંઢકમતી રૂતુધર્મને ગુમડુ ફુટયું એમ કહે છે પણ એમ વદવું ધર્મ વિરૂદ્ધ છે અને શાસ્ત્ર સમ્મત નહિં એવી સ્વમતકપોલ કલ્પીત હાસ્યાસ્પદ વાતોથી નર્કનિગોદનાં દુઃખ ભોગવવાં પડે.

એમ સાંભલી રૂતુવંતીનો રે, અધિકાર આનંદે,
ઘરમાંહે સાવચેત રાખજો રે, ભાંખ્યું વીર જીણંદે. ૬૮

માટે હે સૌભાગ્યવતી રૂતુવતી પ્રમદાઓ ! તથા રૂતુવંતી સ્ત્રીઓ ! આ શ્રી વીરપ્રભુએ બતાવેલ રૂતુવતી અધિકાર સાંભળી–વાંચી–જાણી તે વર્તજો અને ઘરમાં તેની પુરી સાવચેતી રાખી વર્તજો.

નિજ ધર્મ પામવા નારીઓરે, ભલી સજ્ઝાય શુણજ્યો;
ધ્રોળ ગામે તપગચ્છમારે, શ્રાવક શ્રાવિકા શુણજ્યો. ૬૯

હે સ્ત્રીઓ ! તમારો ધર્મ પાળવા આ સજ્ઝાય સાંભળી તમે ઉધમવંત થજો. અને ધ્રોળ ગામમાં—તપગચ્છી સૌ શ્રાવક શ્રાવિકાઓ તમો તે પ્રમાણે વર્તજો.

સંવત અઢાર પાંસઠમાં રે, દીવાળી લટકાળી.
કહે ખીમચંદ શિવરાજનો રે, કરજો ધર્મ સંભાળી. ૭૦

સંવત ૧૮૬૫ ના દિવાળી જેવા ઉત્તમ પ્રસંગે આ સજ્ઝાય રચાઇ છે. અને તેના લખનાર શિવરાજ પુત્ર ખીમચંદ છે. આ સજ્ઝાયમાં લખ્યા પ્રમાણે કાળજીથી વર્તજો.

અર્થ ભર્યો સજ્ઝાયનો, મોહન સુત મણિલાલે;
નગર પાદરાનો રહી, મુંબાઇ—હીર સુત લાલે. ૭૧

આ અતિ ઉપયોગિ સજ્ઝાયનો અર્થ પાદરાનગરનિવાસી શ્રેષ્ઠિ-વર્ય મોહન હિંમચંદના પુત્ર મણિલાલે. શેઠ લાલજીભાઇ હીરજી (તે શા. મેઘજી હીરજી વાળા)ના કહેવાથી ભર્યો છે.

શ્રી સૂતિકા શિક્ષણ.

દેશી ચોપાઈની.

સરસ્વતી દેવી સમરૂં માય, સદ્‌ગુરૂને વલી લાગું પાય; વિચાર-સાર ગ્રંથથી કહું, તે પરમારથ જાણો સહુ. ૧ સૂતક તણો હું કહું વિચાર, સાંભલજો નર નારી સાર; જેને ઘેર જન્મ થાય તે જાણ, દશ દિવસનું કહ્યું પ્રમાણ. ૨ એટલો પુત્ર જન્મનો સાર, પુત્રી જન્મે દિન અગીઆર; મૃત્યુ ઘરનું સૂતક દિન બાર, તે ઘેર સાધુ ન વ્હોરે આહાર. ૩ તે ઘરનું જલ અગ્નિ જાણ, જીનપૂજા નવ સૂજે સુજાણ; એમ નિશીથચૂર્ણીમાં કહ્યો, એ તત્ત્વાર્થ ગુરૂમુખથી લહ્યો. ૪ નિશીથ સોલમે ઉદ્દેસે સાર, એ મહંત મુનિ કહે અણગાર; જન્મ તથા મરણ ઘર જાણો સહુ, દુગંછનિક ગુરૂમુખથી લહું. ૫ એમ વ્યવહાર ભાષ્યમાં વલી, ભાષે સુધા સાધુ કેવલી; મલયગિરિકૃત ટીકા જાણ, દશ દિન જન્મ સૂતક પરિમાણ. ૬ હવે સાંભળો જીનવાણી સાર, એમ ભાષે સુધા અણગાર; વિચારસાર પ્રકરણે સાર, એમ ભાષે શ્રીજીન ગણધાર. ૭ માસ એક પ્રસવતીને ધાર, પ્રતિમાદર્શન ન કરે વિચાર; દિવસ ચાલીશ જીનપૂજા સાર, નહીં કરે સ્ત્રી એ વ્યવહાર. ૮ સાધુ પણ નવ લીએ આહાર. તિહાં સૂતકે કહે અણગાર; તેના ઘરનાં માણસ હોય, જન્મ મરણનું સૂતક જોય. ૯ ન કરે પૂજા દિન બાર તે જાણ, સમજી લેજો ચતુર સુજાણ; મૃતકને અડકણહારા કહ્યા, ચોવીશ પ્હોર તે સાચા સહ્યા. ૧૦ પડિક્કમણાદિક ન કરે જાણ,[1] એમ ભાખે છે

---

૧ મોઢે બોલીને ન કરે, મૌનપણે કરી શકે.

ત્રિભુવનભાણ; વેશના પાલટહારા કહ્યા, આઠ પ્હોર તે સાચા સદ્દહ્યા. ૧૧ મૃતક કાંધ દેનારા જાણ, અન્ય ગ્રન્થથી લેજો સુજાણ; સોલ પ્હોર પડિક્કમણું નવ કહ્યો, એ જીન ભાખ્યો આગમ લહ્યો. ૧૨ જન્મનું સૂતક દશ દિન સાર, જન્મને થાનક માસ વિચાર; ઘરના ગોત્રીને દિન પાંચ, સૂતક ટાલે ગુરૂ ભાખે સાચ. ૧૩ જન્મ હુઓ તેહીજ દિન મરે, વલી દેશાંતર ફરતાં મરે; સંન્યાસી અનેરો મૃત્યુક હોય, સૂતક દિન એક જાણો સોય. ૧૪ દાસ દાસી ઘરમાં મૃત્યુ હોય, દિન એક બે ત્રણનું સૂતક સોય; આઠ વર્ષથી ન્હાનો મરે શિશુ, તો દિન આઠનું સૂતક દસ્યું, ૧૫ એ જન્મ મરણનું સૂતક કહ્યું, અન્ય ગ્રન્થમાં એમજ લહ્યું; વલી વિચારસાર માંહે સાર, એમ ભાખે છે શ્રી અણ-ગાર. ૧૬ ઋતુવંતી નારી તણો વિચાર, ત્રણ દિન લગે ભંડાદિક સાર; નવ છૂવે કુલવંતી નાર, પડિક્કમણાં દિન ચાર નિવાર. ૧૭ તપસ્યા કરતાં લેખે સહી, દિન પાંચ પછી જીનપૂજા કહી; વલી સ્ત્રીને રોગા-દિક હોય, દિવસ ત્રણ ઉલ્લંઘ્યા સોય. ૧૮ રૂધિર દીઠામાં આવે સહી, તેનો દોષ વવ જાણે કહીં; વિવેકે કરી પવિત્ર થાય નાર, પછી જીન-દર્શનથી લહે ભવપાર. ૧૯ એમ જીનપ્રતિમા પૂજા કરો, ભવસાયર લીલાએ તરો; વલી સાધુ સુપાત્રે દીજે દાન, જેમ પામો તમે સ્વર્ગ વિમાન. ૨૦ જીનપડિમા અંગપૂજા સાર, ન કરે ઋતુવંતી જે નાર; એમ ચર્ચરી ગ્રન્થ માંહે વિચાર, એ પરમારથ જાણો સાર. ૨૧ વલી ભાખ્યો સૂતક વિચાર, ભાખું સદ્દગુરૂ તણે આધાર; તિર્યંચ તણો લવલેશજ કહું, તે આગમથી જાણો સહુ. ૨૨ ઘોડા ભેંસ ઉંટ ઘરમાં હોય, પ્રસવે દિન એક સૂતક જોય; ગાય આદિનું મરણ જ્યાં થાય, કલેવર ઘરથી બાહિર જાય. ૨૩ એટલી વેલા સૂતક હોય, દાસ દાસી કન્યા ઘર સોય; જન્મ હોય કે મૃત્યુ જાણ, ત્રણ રાતનું હોય પ્રમાણ.

૨૪ જેટલા માસનો ગર્ભજ પડે, તેટલા દિવસનું સૂતક નડે; ભેંસ વિઆયાં દિન પંદર દુધ, તે માંહે તો કહીએ અશુદ્ધ. ૨૫ ગૌદુધનું કહ્યું પ્રમાણ, દિવસ દશ જાણો ગુણ જાણ; છાલી દિન આઠ પછી તે દુધ, તે પહેલાં તો કહીએ અશુદ્ધ. ૨૬ ગૌમૂત્ર માંહે ચોવીશ પ્હોર, સંમૂર્ચ્છિમ જીવ ઉપજે જેં જોર; સોલ પ્હોર ભેંસની નીત માંહે, સંમૂર્ચ્છિમ જીવ ઉપજે તે માંહે. ૨૭ દ્વાદશ પ્હોર બકરીની નીત માંહે, આઠ પ્હોર ગાડર નીત જ્યાંય; એહમાં સંમૂર્ચ્છિમ ઉપજે સહી, એહ વાત ગુરૂમુખથી લહી. ૨૮ એ સૂતકનો કહ્યો વિચાર, થોડા માંહે ભાખ્યો સાર; સૂતક વિચાર આગમમાં કહ્યો, જીનેશ્વર મુખથી સઘો લહ્યો. ૨૯ સોહમ શુદ્ધ પરંપરા જાણ, તેજે કરી દીપે જેમ ભાણ; અચલગચ્છે વંદુ અણગાર, શ્રી પુણ્યસીંધુ સૂરીશ્વર સાર. ૩૦ ભણે સાંભલે જે નર નાર, પાલે તે તો શુદ્ધાચાર: અનુક્રમે અમર વિમાને સોહાય, રયણાભૂષણ ધરી મુકતે જાય. ૩૧ સંવત્ ઓગણીશ છીલ્લોતરો સાર, શ્રાવણ કૃષ્ણ પંચમી હિતકાર; જખૌ બંદર ચોમાસું કરી, ચોપાઈ સૂતકની કહી સ્થિર કરી. ૩૨ શ્રાવક શ્રાવિકા પાલે જેહ, શ્રી જિનઆણાએ ચાલે તેહ; સહુ રુદ્ધિ સિદ્ધિ તણાં સુખ સાર, વલી મુક્તિ તણાં સુખ લહે નિર્ધાર. ૩૩ ઇતિ સૂતકની સજ્ઝાય સમાપ્ત.

અથ રજસ્વલા સ્ત્રીના અધિકારની ગાથા.

જા પુપ્ફવઇ જાણી,—ઉગ નહુ સંકા કરેઈ નિયચિતે,
છિવ્વઇ સ્સ ભંડગાઈ, તથ્થય દોસા બહૂ હુંતિ. ૧

અર્થઃ—જે રૂતુવતી સ્ત્રી જાણી જોઇને પોતાના ચિત્તને વિષે

શંકાય નહી અને હાંડલાદિક કામને આભડે તેને ઘણા મોટા દોષ લાગે.

લછી નાસઇ દૂરં, રોગાયંતહ વહંતિ અણુવરયં,
ગિહદેવ ય મુચ્ચંતિ, તં ગેહં જે ન વજ્જંતિ. ૨

અર્થ:—તેની લક્ષ્મી દૂર નાસી જાય તથા રોગ આતંક વિષમ અનિવારક થાય, અધિષ્ઠાયિક દેવ તેનું ઘર મૂકી જતા રહે. એ રીતે આભડછેટવાલાનું ઘર જે નથી મૂકતો તેને પૂર્વોક્ત વાનાં થાય. ૨

જઇ કહવિ અણાભોગે, પુરિસે વિ ય છિવ્વઇ નિય મહિલાએ;
એહાયસ્સ હોઇ સુદ્ધી, ભણિયં સવ્વલોએસુ. ૩

અર્થ:—જો કદાચિત્ અજાણતો થકો કોઇ પુરૂષ તે સ્ત્રીને સ્પર્શ કરે તો સ્નાન કરવાથી શુદ્ધિ થાય એ વાત સર્વ લોક માંહે કહેલી છે. ૩

વિહિ જિણભવણે ગમણં, ઘર પડિમાપૂઅણં ચ સજ્ઝાયં;
પુપ્ફવઇ છઝાણં, પડિસિદ્ધં પુવ્વસૂરીહિં. ૪

અર્થ:—વિધિપૂર્વક જિનભવનને વિષે જવું, ઘરમાં દેવપૂજા કરવી અને સ્વાધ્યાય કરવો, એટલાં વાનાં પુષ્પવતી સ્ત્રીને પૂર્વસૂરિએ નિષેધ્યાં છે.

આલોઅણા ન પઇઇ, પુપ્ફવઈ જં તવં કરે નિયમા,
નવ્વિઅ સુત્તંઅન્નંતા, ગુણઈ તિહિં દિવસેહિં. ૫

અર્થ:—પુષ્પવતી સ્ત્રી ત્રણ દિવસ સુધી ગુરુ પાસેથી આલોયણ લેવાને અર્થે પોતાનું પાપ પ્રકાશે નહીં, વલી તપસ્યા ન કરે, નિયમ કરે નહીં, સૂત્ર ગણે નહીં. વલી અન્ય પણ કાંઈ ભાષણ ન કરે. ૫

લોએ લોઉત્તરિએ એવંવિહ દંસણં સમુદ્દિઠં;
જો ભણઇ નત્થિ દોસા, સિદ્ધંત વિરાહગો સોઉ. ૬

અર્થ:—લોક માંહે તથા લોકોત્તર એટલે જિનશાસન માંહે ઉપર પ્રમાણે કહેલું છે. જે કહે છે કે એમાં દોષ નથી તેને સિદ્ધાંતના વિરાધક જાણવા. ૬ ઇતિ સમાપ્ત.

અથ સ્ત્રીને શીલ પાલવાના યત્કિંચિત્ બોલો લખીએ છીએ.

૧ પિતા બાંધવ પ્રમુખ કોઈ પણ પુરૂષની કોટે વલગી મલવું નહીં. ૨ કોઈ પરપુરૂષને નવરાવવો નહીં. ૩ કોઈ પરપુરૂષનું ઉવટણાદિકથી અંગમર્દન કરવું નહીં. ૪ કોઇ પરપુરૂષ સાથે પત્રાદિકથી ખેલવું નહીં. ૫ કોઈ પરપુરૂષનો છેડો પકડી વાત કરવી નહીં. ૬ કોઇ પરપુરૂષ સાથે હસીને હાથતાલી લેવી નહીં. ૭ કોઇ પરપુરૂષની વેણી ગુંથવી નહીં. ૮ કોઇ પરપુરૂષનાં અંગ ચાંપવાં નહીં. ૯ કોઇ પરપુરૂષના હાથની પાનની બીડી લેવી નહીં. ૧૦ કોઈ પરપુરૂષ સાથે એક શય્યાએ બેસવું અને સુવું નહીં. ૧૧ વાટે શેરીએ પુરૂષના સંગમાં જવું નહીં. ઘોડા વિગેરે આડશ વિનાના વાહન પર બેસવું નહીં. ૧૩ જ્યેષ્ઠ, સસરો, સાસુ તથા સાસરામાં કોઇ મોટેરાની સાથે ઠઠ્ઠાબાજી કરવી નહીં. ૧૪ કોઈ પરપુરૂષ સાથે એકાંતમાં રહેવું નહીં. ૧૫ પરપુરૂષથી દૃષ્ટિ મેલાવી સરાગથી જોવું નહીં. ૧૬ કોઈ પરપુરૂષ સાથે સાંકેતિક ભાષાથી બોલવું નહીં. ૧૭ યોગી, ભરડા અને ભિક્ષાચરની સાથે ભાષણ કરવું નહીં. ૧૮ કોઇ પુરૂષ દેખે તેમ વડીનીતિ લઘુનીતિ કરવી નહીં. ૧૯ જ્યાં પુરૂષ સુતા હોય ત્યાં અનર્ગલ થઈ ફરવું નહીં. ૨૦ પુરૂષ દેખતાં આલસ મરડવી નહીં. ૨૧ તેમ શરીરના અવયવ

ઉઘાડા કરી બતાવવા નહીં. ૨૨ અત્યંત મિષ્ટ પદાર્થ ખાવા પર પ્રીતિ રાખવી નહીં. ૨૩ ભોજન અલ્પ કરવું. ૨૪ મોટે સ્વરથી હસવું નહીં. ૨૫ અજાણે ઘેર જવું નહીં. ૨૬ પીયર ઝાઝું રહેવું નહીં. ૨૬ ઘરની વાત કોઇને કહેવી નહીં. ૨૮ સાસરાનું દ્રવ્ય કપટથી પીયરીયાને આપવું નહીં. ૨૯ ધીરા તથા નીચા સ્વરથી બોલવું. અંગ સર્વ મંડિત રાખવું. ૩૧ પોતાના સ્વામીનું અપમાન થાય ત્યાં જવું નહીં.

જે રૂતુવંતી નારીઓ નિશંકને થઇ જાણ;
સ્પર્શે પાત્રાદિકને, અનંત દોષ પ્રમાણ. ૧

જે ગૃહ નવ અશુચિ તણી, આભડછેટ પળાય;
લક્ષ્મીનાશ વ્યાધિ વિશમ, ગૃહાદિદેવ પલાય. ૨

અજાણવશ રૂતુવંતીનો, સ્પર્શ પુરૂષથી થાય;
સ્નાન કરે શુદ્ધિ થતી, પ્રસિદ્ધ છે જગમાંહ્ય. ૩

વિધિસહ જીનમંદિર જવું, દેવપુજા સ્વાધ્યાય;
રૂતુવંતિને વર્જ્ય છે, પુર્વાચાર્ય કહી જાય. ૪

રૂતુવંતી ગુરૂપાસથી, આલોયણ નવ લેય;
તપનિયમ સુત્રાદિ વળી, ભાષણ વર્જ્ય કરેય. ૫

લોકલોકોત્તર શાશને, સત્ય કહ્યું નિર્ધાર;
પ્રમાણતા નવ તેહને, શાસ્ત્ર વિરોધક ધાર. ૬

રજસ્વલા સ્ત્રીના અધિકારની ગાથાઓ ૬ છે તે મુળ ગાથા નીચે એક એક કરી ઉપરની ટાંકવી

આ જૈન સાહિત્ય યુગમાં નીચેના અમૂલ્ય ગ્રંથો વાંચો વંચાવો!

'નાણું મળશે પણ ટાણું નહિ મલે!'

લક્ષ્મી અને સમયનો સદઉપયોગ કરી તમારા આત્માનું કલ્યાણ કરો!

શ્રીકલ્પસૂત્ર-સુખબોધિકા:—ગુજરાતીમાં પુસ્તક આંકારે, સચિત્ર રીતે રેશમી કપડાંની પાકી બાઇન્ડીંગમાં, ઉંચા કાગળ ઉપર સુંદર છપાઇમાં તૈયાર છે. કિ. રૂ- ચાર. મનોહર અને બોધક શૈલીએ શ્રીયુત સુશીલે આ પવિત્ર પોથીનું સંશોધન કરેલ છે. પર્યુષણ પર્વમાં આ પવિત્ર થોથીનું વાંચન અને શ્રવણ થાય છે. આ ગ્રંથની સચિત્ર અને નવીન રચના માટે અનેક મુનિ મહારાજોએ તથા જૈન વિદ્વાનોએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે.

વિવિધ પુજા સંગ્રહ:—ભાગ ૧ થી ૭ સચિત્ર, વિધિયુકત, ગુજરાતી ભાષામાં રેશમી પાકી બાઇન્ડીંગમાં, ઉંચા કાગળ ઉપર મોટા અક્ષરોમાં, સુંદર છપાઇમાં તૈયાર છે. આ દળદાર ગ્રંથમાં વીરવિજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી, યશોવિજયજી આત્મારામજી, બુદ્ધિસાગરજી, વલ્લભવિજયજી, ગંભીરવિજયજી, હંસવિજયજી વિગેરે આચાર્ય મહારાજોની બનાવેલી સર્વ પ્રકારની સચિત્ર પૂજાઓ ઉપરાંત, અઢીસેં અભિષેક, આરતીઓ, મંગળદીવા, મંગળચાર, જીન નવ અંગ પૂજાના દોહા, અમદાવાદ, પાટણનાં દેરાશરો અને અપાશરાઓની યાદી વિગેરે સચિત્ર રીતે આપવામાં આવેલ છે. મૂલ્ય માત્ર રૂ. ૩).

જૈન મહાભારત—ધર્મવીરો શ્રી નેમનાથ ભગવાન, શ્રીકૃષ્ણ અને પ્રતાપી પાંડવોનાં ચરિત્રોથી ગ્રંથિત થએલા ૮૦૦ પૃષ્ટનાં આ સચિત્ર દળદાર ગ્રંથની હાલમાંજ ચોથી આવૃત્તિ પ્રગટ કરવામાં આવેલ છે. આ ગ્રંથ શ્રીકચ્છ દેશનાં સાહિત્યપ્રિય ધર્મ પ્રતિમાસ્વરૂપ નેક નામદાર અ૦ સૌ૦ મહારાણીશ્રીને અર્પણ કરવામાં આવેલ છે. ગ્રંથમાં વિવિધ પ્રસંગોમાંથી પરોપકાર વીર્યતા, કરૂણા, વ્યવહાર કુશળતા, ચાંતુર્યતા, ધર્મ, નીતિ અને વિનયાદિ તત્વોનો અતિ ઉત્તમ લાભ વાંચકશ્રી કંટાળો ખાધા વગર સરળતા સાથે મેળવી શકે છે. અનેક ચિત્રો, ઉંચા કાગળ ઉપરની સુંદર પાકી બાઇન્ડીંગ, છતાં મૂલ્ય માત્ર રૂ. ૪. સ્ત્રીઓ માટે પણ આ ગ્રંથ ઉત્તમ છે.

આદર્શ રામાયણ—શ્રીયુત સુશીલની મનોવેધક લેખિનીથી અને જગવિખ્યાત કવિ સમ્રાટ શ્રી ટાગોર તથા પ્રસિદ્ધ વક્તા મુનિ-રાજ શ્રીચારિત્રવિજયજીનાં ઉલ્લેખોથી ગ્રંથિત થએલા આ સચિત્ર ગ્રંથની ત્રીજી આવૃદ્ધિ હમણાંજ પ્રગટ કરવામાં આવેલ છે. આ ગ્રંથને માટે કંઇપણ લખવું એ મોરનાં ઈંડાંને ચિતરવા સમાન છે. મૂલ્ય માત્ર રૂ. ૨—૦—૦ હિંદી ભાષાની 'જૈન રામાયણ'ના રૂપીઆ ચાર. આ ગ્રંથ પણ અતિ ઉત્તમ છે.

પુણ્ય પ્રભાવ—આ સચિત્ર નવલ કથાના નાયકશ્રી સમરાદિત્ય કેવળીનું જીવન કેવી દરિદ્ર અને દુઃખમય સ્થિતિમાથી કેટલી ઉચ્ચ સ્થિતિએ કેવી રીતે આવ્યું તે જાણ્યા પછી તમો તમારા અંતઃકરણને પૂછો કે 'પુણ્ય અને પાપનો કંઈ પ્રભાવ છે કે? અને જો હોય તો આખરે સુખી કયો પ્રભાવ કરે છે?" આ આદર્શ ગ્રંથનાં વાંચન પછી નિર્મળ બનેલું તમારૂં અંતઃકરણ તરતમાં કહી આપશે કે ' પુણ્યનો

પ્રભાવ' અલૌકિક છે. આ ધાર્મિક ગ્રંથનું વાંચન દરેક શ્રાવક શ્રાવિકાએ અવશ્ય કરવું જોઈએ. મૂલ્ય રૂ. ૨–૮–૦

રાજકુમારી શુદર્શના:—શ્રી સમળી વિહારનાં રાસ ઉપરથી ગ્રંથકાર શ્રીવિજય કેશરસૂરીશ્વરજીએ આ સચિત્ર નવલકથાની ખાસ યોજના કરેલી છે. શ્રીકેશરવિજયજી યોજિત આ **આ** ઉપયોગી ગ્રંથ વિશે કંઈપણ લખવું એ 'સુવર્ણ ઉપર ઢોળ ચઢાવવા' બરાબર છે. આ ગ્રંથના વાંચનથી હજી પણ જેઓ વિમુખ રહ્યા હોય તેમણે પોતાનું આ ભવ સુધારવા માટે એક વખત આ નવલકથાનું રસિક અને બોધક ગ્રંથ જરૂર વાંચવો. મૂલ્ય રૂા. બે.

રાજા ચંદ તથા રાણી ગુણાવલી તથા વિમાતા વીરમતીનાં જીવન ચરિત્રોની રચના (શ્રાવક ભીમસી માણેકનાં) 'શ્રી ચંદરાજાના રાસ' ઉપપરથી કરવામાં આવી છે. આ ઐતિહાસિક ચારિત્રમાંના પાત્રોનાં સચિત્ર ચરિત્રો એક એકથી ચડે અને વાંચકનાં રોમાંચ ખડાં કરે તેવા બોધક, આકર્ષક અને અદ્‌ભુત છે. મૂલ્ય રૂ. ૨–૮–૦

મહાવીર ભક્ત મણિભદ્ર અને શ્રાવિકા રત્નમાળાનાં જીવન-ચરિત્રોનું દરેક સેવાભિલાષી સજ્જનો અને સન્નારીઓએ અનુકરણ કરવું જોઈએ. આ સચિત્ર પુસ્તકની કિ. રૂ. ૧–૮–૦

દાનવીર રત્નપાળ—પોતાની અર્ધાંગનાની ઇચ્છાઓને તૃપ્ત કરવા માટે પતિએ કરેલુ સાહસ અને તે પછી પત્નિએ બતાવેલી કુશળતા તેમજ તેમના કુમાર રત્નપાળે દર્શાવેલું બુદ્ધિ ચાતુર્ય જાણવું હોય અને ઉદારતાનો પાઠ શીખવો હોય તો આ સચિત્ર નવલકથા અવશ્ય વાંચવી. કિ. રૂ. ૧–૮–૦

સ્ત્રી-પુરૂષનો સાચો સલાહકાર.

"વિવેક વિલાસ"

એક લોકપ્રિય-અદ્દભુત-કિમતી ગ્રંથ !

૭ વર્ષ જેટલા ટુંક સમયમાં પાંચ પાંચ આવૃત્તિઓ ખપી જાય છતાં સતત્ માગણી ચાલુજ રહે એજ આ સચિત્ર ગ્રંથની ઉત્તમતા અને ઉપયોગીતા, ખાત્રી માટે બસ છે. આ ગ્રંથમાં જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, રતિશાસ્ત્ર, નૈતિકશાસ્ત્ર વિગેરે અમૂલ્ય શાસ્ત્રોના સાર તેમજ લગ્ન, સંતતિ, રૂતુ ચર્ચા, સ્ત્રી પુરૂષનાં લાક્ષણિક ભેદ સ્ત્રી-પુરૂષની પરીક્ષા વિગેરે અનેક વિષયોનો સમાસ કરવામાં આવ્યો છે. પતિ અને પત્નિની પસંદગી કરનારાંઓ માટે તેમજ એક બીજાનો પ્રેમ સંપાદન કરવા ઇચ્છનારાઓ માટે આ ગ્રંથ આરસી સમાન આદર્શ છે. આ ગ્રંથમાં આવેલા ચિત્રોજ ગ્રંથની કિંમત વસુલ કરવા બરાબર છે. આ નૂતન છઠી આવૃતિમાં ઘણાજ સુધારા વધારા કરેલ છે. પોતાનાં સંસાર વ્યવહારમાં આ ગ્રંથ દરેક વ્યક્તિઓને અતિ ઉપયોગી છે. ઉંચા કાગળ, સુંદર પ્રીન્ટીંગ પાકી બાઇન્ડીંગ અને અનેક ચિત્રો છતાં મૂલ્ય માત્ર રૂા. ચાર. આ ગ્રંથની પ્રથમ કિંમત રૂા. ત્રણ હતી પણ ઘણાજ ઉત્તમ સુધારાઓ અને વધારાઓ સાથે આ નૂતન આવૃત્તિ છપાવેલ હોવાથી કિંમતમાં માત્ર રૂ. એક જેટલો નજીવો વધારો કરવામાં આવેલ છે.

પૂર્વાચાર્યો કૃત

જૈન જ્યોતિષ શાસ્ત્રનાં અમૂલ્ય ગ્રંથો!

ભદ્રબાહુ સંહિતામાં સૂર્ય–ચંદ્ર અને અન્ય ગ્રહોની ગતિ–સ્થિતિ ઉપરથી આ દુનિઆ ઉપર કઈ કઈ જાતની અસર થતી રહેશે તે તથા વરસાદ, વીજળી, ગર્જના, ઉલ્કાપાત, ખાધાખોરાકીની ચીજોનાં ભાવ, રૂ અને અનેક વ્યાપારોની તેજી મંદી, વિવિધ સ્વપ્નોનાં પરિણામ આદિ અનેક વિષયો, એક સામાન્ય વાંચક પણ સમજી શકે તેવી રીતે વિધિ સાથે આપવામાં આવેલ છે. કિ. રૂ, ત્રણ. વ્યાપરીઓ માટે આ ગ્રંથ ઘણુંજ ઉપયોગી છે.

જ્યોતિષ હીરઃ—મનુષ્ય ઉપર એક પછી એક નવ ગ્રહ વારાફરતી આવે છે, ખરાબ ગ્રહ વખતે મનુષ્ય આકુળ વ્યાકુળ બની ફાંફાં મારતો ફરે છે. આ કફોડી દશામાંથી બચવા માટે ખરાબ ગ્રહોની કેવી રીતે શાંત કરવા તેની વિધિ સાથેનાં ઉપાયો તથા ચાલુ વર્ષ અને તે પછીનાં વર્ષો કેવાં નીવડશે તે જાણવા માટે ચાર સ્થંભનો યંત્ર આપવામાં આવ્યો છે. ખાસ સંસારીઓના હિતાર્થેજ આ ગ્રંથની રચના કરવામાં અવેલ છે. કિ. રૂ. ત્રણ.

મેઘમાળાઃ—વર્તમાન કાળનું સાયન્સ ઘણાં ગૂઢ વિષયો ઉપર પોતાનાં તેજસ્વી કિરણ ફેંકી રહ્યું છે તે આપણાં પૂર્વાચાર્યોની મહાન કૃતિઓને આભારી છે. આ નાજુક પોથીમાં દરેકે દરેક માસનાં પરિણામ આપવામાં આવ્યા છે તથા રૂદ્રયામલ યંત્ર દાખલ કરવામાં આવેલ છે જે દરેકને ખાસ જાણવા યોગ્ય છે. કિં. ૮ આના.

મ્હોટી બ્હેન:—શ્રીસુશીલ કૃત એકજ બેઠકમાં સંપૂર્ણ વાંચી શકાય છતાં નારી જીવનની પવિત્રતા ન ભૂલાય એવી આ રસપ્રિય સચિત્ર લઘુ નવલિકા, નવલકથાના શોખીનોએ, હાઇસ્કુલ અને કોલેજનાં વિદ્યાર્થીઓએ તથા પતિવ્રતા તેમજ વિધવા સ્ત્રીઓએ તો કોઈ પણ ભોગે આ નવલિકા વાંચવીજ જોઇએ. કિં. રૂ. ૧–૦–૦

ગુજરાતના તપસ્વી ગાંધીજી તથા ગુજરાતના કવિ સમ્રાટનાં જીવન ઉપર પ્રકાશ પાડતાં મીઠાં–મધુરાં કાવ્યો. કિં. રૂ. ૦–૪–૦.

ઈસ્લામના ઓલીયા:—શ્રીયુત સુશીલની લોકપ્રિય લેખિનીએ ઉત્તમ વચનામૃતો સાથે તૈયાર કરેલ ઇસ્લામ ધર્મનાં, બાર મહાન ઓલીઆઓનાં જીવન રૂપરેખા યુક્ત આ પોથીની બીજી આવૃત્તિ માટે, મરહુમ સર રમણભાઇ નીલકંઠ, કવિરાજ શ્રી ન્હાનાલાલ, પ્રૌઢ કેળવણીકાર ખાનબહાદુર શ્રીનાનજીઆણી, મઢડા આશ્રમવાળા શ્રીયુત શિવજી દેવસિંહ શાહ, શ્રીયુત દેવપુત્ર બી. એ. વિગેરે પ્રસિદ્ધ વિદ્વાનોએ તેમજ દરેક પત્રકારો અને માસિકકારોએ ઉત્તમ અભિપ્રાયો વ્યકત કરેલ છે. આ પોથીનું ઉપોદ્‌ઘાત, વિદ્વાન અને સુપ્રસિદ્ધ લેખિકા સૌ. શારદા સુમન્ત મ્હેતાની આકર્ષક કલમથી લખાએલ છે. ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠે તથા વડોદરા સરકારના કેળવણી ખાતાએ આ પોથીને પોતાની લાયબ્રેરીઓ માટે મંજુર રાખેલ છે. મુંબઇની મ્યુનિશીપાલીટીએ પોતાની સ્કુલોમા ઇનામ આપવા માટે મંજુર કરેલ છે. કોઇપણ ધર્મના વાંચકગે આ પોથી હિતકર્તા છે. આના આઠ.

મહાવીર જીવન:—નૂતન શૈલીએ, શ્રીયુત સુશીલે આ જીવન ચરિત્ર તૈયાર કરેલ છે. સત્યાગ્રહના આ જમાનામાં મહાવીરનું જીવન જાણવું એ દુનિઆની વ્યક્તિ માત્રને હિતાવહ હોવા સાથે માર્ગદર્શક

છે. આ ચરિત્રમાંના ચિત્રો રૂા. પાંચસોના ખર્ચે તૈયાર કરવામાં આવેલા છે. બીજી આવૃત્તિની થોડીજ પ્રતો બાલાંશમાં રહેલી છે. આ ચરિત્ર માટે મહાત્માજીએ તથા શ્રીજીનવિજયજીએ ઉત્તમ અભિપ્રાયો વ્યક્ત કરેલ છે. મૂલ્ય રૂા. ૧—૦—૦

શ્રી શ્રાવક-સાધુ ધર્મ:—પૂર્વાચાર્યકૃત "ધર્મબિન્દુ" નામના ગ્રંથનો જાણીતા જૈન-થીયોસોફીસ્ટ સાક્ષર શ્રી મણીલાલ નથુભાઇ દોશીએ અનુવાદ કરેલો છે. એમાં સાધુ તથા શ્રાવકના ધર્મ ઉત્તમ રીતે બતાવવામાં આવ્યા છે. દરેક શ્રાવક તેમજ સાધુને પોતાના ધર્મ સમજવા માટે આ ગ્રંથ માર્ગદર્શક છે. બાબુ પી. પી. જૈન હાઇસ્કુલે આગ્રંથને પોતનાં ધાર્મિક શિક્ષણમાં ખાસ દાખલ કરેલ છે. મૂલ્ય રૂ. ૨—૦—૦

અભ્યુદય માર્ગ:—સદ્‌ગત સુપ્રસિદ્ધ બુકસેલર શ્રીયુત મેઘજી-ભાઇના વિચારોનું આ સંગ્રહ, પોતાનો અભ્યુદય ઇચ્છનારાઓને અતિ ઉપયોગી છે. હાલમાંજ પહેલી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. મૂલ્ય રૂ. ૦—૧૨—૦

दर्शत्त-चोवीशी:—પાંચ પદની અનાનુપૂર્વી સાથે શ્રી ચોવીશ તીર્થંકરોની તથા શ્રીગૌતમ સ્વામીની અને શ્રી ૐકાર તેમજ શ્રી મણિભદ્રજીની રંગીન છબીઓ વાલી આ પરમ પવિત્ર પોથીની બારમી આવૃત્તિ ઘણાજ સુધારા વધારા સાથે ઉત્તમોત્તમ પરફેકટ ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર છપાઇમાં અને મનહર બાઇન્ડીંગમાં તૈયાર થઇ ચુકી છે. આ પવિત્ર પોથીની પ્રિયતા અને પ્રસિદ્ધતા માટે કંઇપણ વધુ લખવું ઉચિત્ત નથી. દરરોજ સૈકડો પ્રત ખપે છે એજ આ પૂજ્ય પવિત્ર પોથીની પ્રિયતા બસ છે. મૂલ્ય માત્ર આના આઠ.

ઉમેદ અનુભવઃ—આ બાળબોધ મનરંજન સ્તવન સંગ્રહમાં ખાસ મારવાડી શ્રાવક શ્રાવિકાઓ માટે ચુંટી કાઢેલાં ચાલુ રાગ રાગણીનાં નિત્ય ગવાતાં સ્તોત્રો, સ્તુતિઓ, થોયો, ચૈત્યવંદનો, પ્રભાતીઆં, લાવણીઓ, છંદો, સજાયો, આત્મબોધ અને વૈરાગ્યમય પદ્યો તથા તીર્થંકરો અને તીર્થોની છબીઓ આપવામાં આવેલ છે. ભક્તિનાં રસિક શ્રાવક શ્રાવિકાઓ માટે અતિ ઉપયોગી છે. મૂલ્ય રૂ. ૦–૧૨–૦

जैन स्तुति संग्रहः—આ બાળબોધ સ્તુતિ સંગ્રહમાં પાંચ પદની અનાનુપૂર્વી સાથે સ્તુતિઓ સ્તોત્રો, છંદો સ્તવનો, સાધુવંદના, શ્રીવીરનું ચોઢાળીયું, જીવરાશીની સજાય, પ્રદેશી રાજાના પ્રશ્નોત્તર, સૂરીકંતાનું કેર દર્શક ચરિત્ર, અધ્યયન સંગ્રહ તથા નિત્ય નિયમ વિગેરે વિષયો આપવામાં આવ્યા છે. મૂલ્ય રૂ. ૦–૮–૦

જૈન સ્તુતિ સંગ્રહ:—સચિત્ર ગુજરાતી, બાળબોધ સ્તુતિ સંગ્રહમાં જણાવેલા વિષયો ઉપરાંત આરતીઓ મંગળદીવા, કળશ, વૈરાગ્ય ઉપદેશક દોહા, ગુંહલીઓ તથા વ્યવહારોપયોગી હિત શિક્ષા વિગેરે વિષયો આપેલા છે. કિ. આના આઠ.

ઉત્તમ કુમારઃ—આ સચિત્ર નવલકથાનાનાયક ઉત્તમ કુમારનાં જીવનમાંથી મળતા, બંધુતા, હિતચિંતકતા, ધાર્મિકતા, સાધર્મિવત્સલતા, ક્ષમા, ધૈર્ય વિગેરે ઉત્તમ ગુણો તમારા જીવનમાં સંપાદન કરવા હોય તો આ પુસ્તક અવશ્ય વાંચવું. કિ. રૂ. ૧–૮–૦

શ્રી૦ મેઘરાજ પુસ્તક ભંડાર

પાયધુની—**મુંબાઈ ૩.**